શ્રી યશોવિજયજી
જૈન ગ્રંથમાળા
દાદાસાહેબ, ભાવનગર.
ફોન : ૦૨૭૮-૨૪૨૫૩૨૨
૩૦૦૪૨૫
1996

અમદાવાદ

# શહેર-યાત્રા

લેખક-

મુમુક્ષુ ભવ્યાનન્દવિજય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

॥ ॐ ह्रीँ श्रीँ श्रीनाकोडा पार्श्वनाथाय नमः ॥

॥ वन्दे हीर जगद्गुरुम् ॥

મેવાડકેસરી શ્રીનાકોડાતીર્થોદ્ધારક બાલબ્રહ્મચારી
પૂજ્ય ગુરુદેવ શ્રીમદ્વિજય હિમાચલસૂરીશ્વરજી
મહારાજના સદુપદેશથી ડહેલાના ઉપા-
શ્રયના શ્રીસંઘ તરફથી નિકળેલી

# અમદાવાદ

# શહેર યાત્રા

લેખક:—શ્રી હિમાચલન્તેવાસી-
મુમુક્ષુ ભવ્યાનન્દવિજય "વ્યા[illegible] સાહિત્યરત્ન"

: પ્રકાશક :

શ્રી ડહેલાનો ઉપાશ્રય,
ડોસીવાડાની પોળ : અમદાવાદ.

3021

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૮૧ | પ્રથમાવૃત્તિ | જુન ૧૯૫૫ |
| વિક્રમ સં.૨૦૦૧ | ૧૦૦૦ | હીર સં. [illegible] |

મૂલ્ય આઠ આના.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પુસ્તક મળવાનું ઠેકાણું:—

(૧) શેઠ કાન્તિલાલ રતનચંદભાઈ

ઠે. પતાસા પોળ, બ્રહ્મપુરી, ઘર નં. ૨૩૨

અમદાવાદ—(ગુજરાત)

(૨) શ્રી નવીનચંદ્ર સારાભાઈ શાહ

ઠે. ડોસીવાડાની પોળ. કસુંબાવાડ;

અમદાવાદ—(ગુજરાત)

(૩) મંત્રી-શેઠ વનેચંદ જેઠમલજી કોઠારી

હિત સત્ક જ્ઞાન મંદિર,

ઘાણેરાવ, (મારવાડ) વાયા-ફાલના.

મુદ્રક: પંડિત મફતલાલ ઝવેરચંદ ગાંધી
નયન પ્રિન્ટીંગ પ્રેસ, ઢીંકવાવાડી. રીચીરોડ,
પુલ નીચે, . . અમદાવાદ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



મેવાડકેસરી શ્રી નાકોડાતીર્થોદ્ધારક આચાર્યદેવ

**શ્રીમદ્વિજયહિમાચલસૂરીશ્વરજી મહારાજ**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# બે બોલ.

**સુજ્ઞ વાચકો !**

હું હિન્દી ભાષા ભાષી હોવા છતાં ગુજરાતી ભાષામાં પુસ્તક લખવાનો મ્હારો આ પહેલો નમ્ર પ્રયાસ છે. તેથી ભાષાની દૃષ્ટિએ કેટલીક ભૂલો રહી ગઇ હોય તો તે સુધારીને વાંચવા માટે વાંચકોને ભલામણ છે.

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય હિમાચલસૂરીશ્વરજી મ. વયોવૃદ્ધ મુનિશ્રી શાન્તિવિજયજી (દાદા) તથા આચાર્યદેવના શિષ્યો– મુમુક્ષુ ભવ્યાનન્દવિજય, મુનિ રત્નાકરવિજય, ઋષિ કેશવાનન્દવિજય, બાલમુનિ ૐકારવિજય આદિઠાણા ૭ નું શ્રી સંઘે અમદાવાદ ડહેલાના ઉપાશ્રયે ચોમાસુ કરાવ્યું, ત્યારે આચાર્યશ્રીના ઉપદેશથી સ્થાનિક સંઘે કાઢેલ ભવ્ય શહેરયાત્રાની નોંધ બાબત આ ચોપડી લખવામાં આવી છે.

આ પુસ્તક તૈયાર કરવામાં "શ્રી જૈન તીર્થ સર્વ સંગ્રહ" નામના પુસ્તકનો કેટલોક આધાર લેવામાં આવેલો હોવાથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો, તથા ડહેલાના ઉપાશ્રયના મુનિમ શાહ કેશવલાલ દલસુખભાઇએ પણ કેટલીક મહત્વની માહિતી પૂરી પાડેલી હોવાથી તેમનો પણ આભાર માનું છું.

સમયના અભાવે કેટલીક માહિતી નહીં આપી શકવા માટે દિલગીર છું.

આ પુસ્તકમાં છપાવવામાં આવેલા બ્લોકોના ખર્ચ પેટે સાદડી (મારવાડ) નિવાસી શ્રી સંતોકચંદ કેસરીમલ પોરવાડના ધર્મપત્ની ચુનીબાઇએ એકસો એક રૂપિયા, કુડસી (મારવાડ) નિવાસી શ્રી હિમ્મતલાલ હીરાચંદભાઇએ એકાવન રુપિયા, તથા અમદાવાદ પતાસા પોળ બ્રહ્મપુરીવાળા શેઠ કાન્તિલાલ રતનચંદભાઇએ પચીસ રુપિયા આપ્યા છે, તે માટે બધાને ધન્યવાદ ઘટે છે.

પ્રેસ વગેરેની ભૂલોને ક્ષમ્ય સમજશો, તેવી અભિલાષા સાથે વિરમું છું.

તા. ૨૪–૧–૫૫ **"લેખક"**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સમર્પણ

પરમ પૂજ્ય ગુરુદેવ શ્રીમદ્વિજય હિમાચલસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી અમદાવાદ ડહેલાના ઉપાશ્રયના શ્રીસંઘ તરફથી નિકળેલી શહેરયાત્રામાં પધારનાર પૂજ્ય ચતુર્વિધ શ્રીસંઘના કરકમલોમાં સાદર સવિનય સમર્પણ.

વિનીત-

-ભવ્યાનંદવિજય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

॥ ॐ ॥

श्री वीतरागाय नमः

जगद्गुरु श्रीमद्विजय हीरसूरीश्वरपादपद्मेभ्यो नमः

# અ મ દા વા દ

# શ હે ર યા ત્રા.

—❀❀❀—

## આચાર્યશ્રીને વિનંતી



પરમ પૂજ્ય ગુરૂદેવ મેવાડ કેસરી શ્રી નાકોડા તીર્થોદ્ધારક બાલ બ્રહ્મચારી આચાર્ય દેવ શ્રીમદ્વિજય હિમાચલસૂરીશ્વરજી મહારાજ જ્યારે રાજકોટ ચોમાસામાં હતા. ત્યારે અમદાવાદ ડહેલાના ઉપાશ્રયના શેઠ શ્રી નગીનદાસ શિવલાલભાઈ એક વાર આવી રૂબરૂ મલી ગયા હતા. તે પછી આચાર્ય દેવ જુનાગઢ યાત્રા કરી જામનગર ચોમાસા માટે પધાર્યા. દરમિયાન ત્યાંના સંઘે સુંદર લાભ લીધો હતો. ચોમાસું સમાપ્ત થયા અમદાવાદ ડહેલાના ઉપાશ્રયના શ્રી સંઘ તરફથી ચોમાસા માટે વિનંતી પત્રો ઉપરા ઉપરી આવવા માંડયા. ઘણા વખત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સુધી પત્ર વ્યવહાર ચાલતો રહ્યો. છેવટે સંવત ૨૦૧૧ ગુજરાતી સંવત ૨૦૧૦નું ચોમાસું અમદાવાદ ડહેલાના ઉપાશ્રયે કરાવવા માટે વિનંતિ પત્ર લઇને ડહેલાના ઉપાશ્રયના મેનેજર શ્રી કેશવલાલ દલસુખભાઈ તથા માસ્તર સકરચંદ ડાહ્યાભાઈ સાફીને જામનગર મોકલવામાં આવ્યા, આચાર્ય દેવે પણ સંઘનો વિશેષ આગ્રહ જોઈ ક્ષેત્ર સ્પર્શના રૂપે વિનતીનો સ્વીકાર કર્યો.

ત્યાંનો પ્રતિષ્ઠા સબંધી કાર્ય પતી ગયા પછી યથાનુકૂલે વિહાર કર્યો ત્યારે ડબાસંગ સંઘના આગ્રહથી પહેલાં ત્યાં પધારી પ્રતિષ્ઠા કરાવી પાછા જામનગર થઈ અમદાવાદ બાજુ વિહાર લંબાવવા માટે પહેલો મુકામ ધુવાંવ કરવામાં



અમદાવાદ ડહેલાના ઉપાશ્રયનું ટ્રસ્ટીમંડળ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવ્યો. જામનગરના ત્રણ હજાર માણસનો સંઘ વળાવવા માટે ગયો. બપોરે પૂજા ભણાવી સાંજના લાડવાનો જમણવાર કર્યો હતો. બીજે દીવસે પ્રયાણ કરી અલીયાબાડા વાંકાનેર, મૂલી, સુરેન્દ્રનગર, વઢવાણ, વીરમગામ આદિ ગામોમાં થઈ સાણંદ પધાર્યા. અહીં ડહેલાના ઉપાશ્રયનું ટ્રસ્ટી મંડળ વંદનાર્થે આવ્યું હતું.

બીજે દિવસે સરખેજ પધાર્યા. અમદાવાદનો સંઘ સામે આવ્યો અને પૂજા ભણાવી, જમણવાર કર્યો હતો. અહીંથી સંઘની સાથે વિહાર કરી આચાર્ય દેવે જૈન મર્ચન્ટ સોસાયટી અને અરૂણ સોસાયટી વચ્ચે આવેલ શેઠશ્રી મોહનલાલભાઇ મગનલાલભાઈ ખાટુના બંગલામાં ઉતારો કર્યો હતો. શહેરમાં પ્રવેશ મુહૂર્ત ન આવવાના હિસાબે ત્યાં તેમને પંદર દિવસ સ્થિરતા કરવી પડી. દરમિયાન ત્યાં શ્રી સાંકળચંદભાઈ દલાલના બંગલામાં વ્યાખ્યાન આચાર્ય શ્રી આપતા હતા. શહેરથી પણ ઘણા આગેવાન સદ્‌ગૃસ્થો સમય પર હાજરી આપતા હતા, સાંકળચંદભાઇએ પ્રભાવનાનો લાભ પણ લીધો હતો.

## શહેરમાં પ્રવેશ.

અષાડ સુદ ૭ના દિવસે પ્રવેશનું મુહૂર્ત રાખવામાં આવ્યું. શ્રી સંઘ લેવા માટે ત્યાં ગયો હતો. આચાર્ય શ્રી પણ વિહાર કરી એલીસબ્રીજ પુલની પાસે આવ્યા, ત્યારે ડહેલાના ઉપાશ્રયના સંઘ તરફથી બેન્ડ વાજા સાથે આવેલ ભવ્ય સામૈયા પૂર્વક ત્રણ દરવાજા માણેકચોક રીચીરોડ થઈ મહાવીર સ્વામીના દેરાસરે દર્શન કરી ઉપાશ્રયે પધાર્યા.

અહીં બીરાજતા વયોવૃદ્ધ પં-શ્રી શાંતિવિજયજી મહારાજને ઉતરવા માટે સંઘની વચ્ચે પૂછીને પાટ પર બેસી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માંગલિક પ્રવચન કર્યું, પ્રવચન કરતા પોતાનો પરિચય આપતાં તેમણે જણાવ્યું હતું કે હું મારી જીંદગીમાં આ



સામૈયાનો દેખાવ.

પહેલ વહેલો અમદાવાદમાં આવું છું. મારા ગુરૂજી આગમતત્વવેત્તા વયોવૃદ્ધ પન્યાસજી શ્રી હિતવિજયજી મહારાજે ઘણા સમય સુધી વીરના ઉપાશ્રયમાં રહી અભ્યાસ કર્યો હતો. અને ડહેલાના ઉપાશ્રયમાં બિરાજતાં પન્યાસજી શ્રી ઉમેદવિજયજી મહારાજ પાસે મોટા યોગ કર્યા હતા, અને પન્યાસજીશ્રીએ પોતે તેમને ગણીપદ અને પન્યાસપદ સંઘની વચ્ચે વીરના ઉપાશ્રયે આપ્યું હતું, તે પછી મારા ગુરૂદેવ મારવાડ પ્રાન્તમાંજ પોતાની જીંદગી પસાર કરી, અને હું તેમની સેવામાંજ રહયો હતો. આજે અહીં લાવવા માટે ડહેલાના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપાશ્રયના સંઘનો જે પરિશ્રમ છે તે ખરેખર પ્રશંસનીય છે. તે પછી સર્વ મંગલ કર્યા બાદ પતાસાની પ્રભાવના પૂર્વક સભા વિસર્જન થઈ; બપોરે મોટી પૂજા શાનદાર રીતીથી ભણાવવામાં આવી હતી.

## ધર્મ પ્રભાવના.

આચાર્યશ્રીનું દૈનિક વ્યાખ્યાન ચાલુ થયું. હૃદયસ્પર્શી માર્મિક વ્યાખ્યાનથી જનતામાં અપૂર્વ ઉત્સાહ આવ્યો. હર્ષમાં ઓતપ્રોત બનેલા સ્થાનિક સંઘમાં ઘણી શાન્તિ રહી. વિપાકસૂત્ર અને રુપસેન ચરિત્રની વ્યાખ્યા સાંભળવા માટે દિન દિન જનતા સારા પ્રમાણમાં વધવા માંડી,



સિદ્ધચક્રજીનું મહાપૂજન.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આચાર્યશ્રીની વ્યાખ્યાન શૈલીજ આવા ઢંગની છે કે કોઈ પણ વ્યક્તિને આકર્ષણ કરી શકે છે.

ચૌમાસામાં નવકાર પદનો તપ કરાવ્યો, તેમાં સિદ્ધચક્રનું મહાપૂજન શ્રી સંઘે કરાવ્યું હતું.

તે પછી પચરંગી તપ કરાવ્યો. તેના પારણા શ્રી સંઘે એક જગ્યાએ કરાવ્યા હતા, અને તે નિમિત્તે મોટી પૂજા ભણાવવામાં આવી હતી. પર્યૂષણપર્વ ઘણી રૂડી રીતે ઉજવવામાં આવ્યાં. એટલા બધા માણસો આવતા હતા કે ઘણા વર્ષોથી આ પહેલીવાર જોવામાં આવે છે. એમ અહીંના માણસો કહેતા હતા.

તે પછી શાસનસમ્રાટ્ જગદ્ ગુરૂદેવ શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મ. ની સ્વ. જયન્તી નિમિત્તે વરઘોડો કાઢવા માટે




વરઘોડામાં પધારેલ પૂજ્યવરો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



વરઘોડામાં પધારેલ શેઠિયાઓ.



વરઘોડામાં ચાલતો હાથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



વરઘોડામાં બગીમાં રાખેલ જગદ્‌ગુરુનો ફોટો.

આચાર્યશ્રીએ સચ્ચોટ ઉપદેશ આપતાં સ્થાનિક સંઘે તરત અમલ કરી ભા. સુદ ૧૦ના દિવસે ભવ્ય વરઘોડો કાઢયો હતો.

બીજે દિવસે ડહેલાના ઉપાશ્રયે જયન્તી નિમિત્તે જાહિર સભા રાખવામાં આવેલ તેમાં અનેક વક્તાઓએ પ્રસંગોચિત વિદ્વત્તાપૂર્ણ ભાષણ કર્યું હતું, વરઘોડા તથા સભામાં બધા ઉપાશ્રયમાં બિરાજતા, પૂજ્યવરોએ ભાગ લીધો હતો. વરઘોડા નિમિત્તે લગભગ ચાર હજારની આમદાની થઈ હતી, અને પર્યુષણામાં પણ સારામાં સારી પૈદાશ થઈ હતી. અમદાવાદના ઇતિહાસમાં જગદ્ ગુરૂદેવની જયન્તી નિમિત્તે વરઘોડાનો આ પહેલ વહેલો જ શ્રી ગણેશ થયો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ પ્રસંગે જગદ્‌ગુરુ હીરનિબંધ નામની ચોપડી ડહેલાના ઉપાશ્રયના શ્રી સંઘ તરફથી છપાવીને સપ્રેમ ભેટ આપવામાં આવી હતી. અને જગદ્‌ગુરુદેવનો મોટો ફોટો આચાર્યશ્રીના ઉપદેશથી શેઠશ્રી સાંકળચંદભાઈ દલાલના તરફથી બનાવીને ડહેલાના ઉપાશ્રયમાં પાટની જમણી બાજુ માણિભદ્રની પાછળ દિવાલ પર લગાડવામાં આવેલ છે.

ત્યાર પછી શાશ્વત ઓળી, દીપાવલી, સૌભાગ્ય પંચમી આદિ પર્વની પણ શ્રી સંઘે સુન્દર આરાધના કરી હતી.

## વિહાર અને યાત્રા.

કાર્તિક પૂર્ણિમાના દિવસે વિહાર કરવાની ભગવાનની આજ્ઞા છે, તે મુજબ છીપામાવજીની પોળના આગેવાનશ્રી સારાભાઈ મણીલાલ નવાબ, નેમચંદ ડોસાભાઈ ડોસી અને મનસુખભાઈ કાન્તિલાલ આદિ ભાઇઓએ આચાર્ય દેવને ચૌમાસુ પરિવર્તન કરવા માટે આગ્રહભરી વિનતી કરતાં આચાર્યશ્રીએ પણ આગેવાન કાર્યકર્તાઓના કહેવાથી તેમની વિનતીનો સ્વીકાર કર્યો. પૂર્ણિમાના દિવસે સવારે સાડા આઠ વાગ્યે ડહેલાના ઉપાશ્રયથી શ્રી સંઘ એવં બેન્ડવાજા સાથે પ્રયાણ કરી–સમ્મેતશિખરજીના દેરાસરે દર્શન ચૈત્યવંદન કરી છીપામાવજીની પોળમાં પધાર્યા, ત્યાંના સંઘે બાંધેલ ભવ્ય મંડપમાં પાટ પર બેસી આચાર્યશ્રીએ મધુરધ્વનીથી તાત્વિક વ્યાખ્યાન આપ્યુ હતું, સર્વ મંગલ કર્યા પછી પતાસાની પ્રભાવના પોળ વતી કરવામાં આવી હતી.

બપોરે વાજતે ગાજતે સંઘ સાથે જમાલપુર પટના દર્શન કરવા પધાર્યા, બીજા દિવસે સમ્મેત શિખરજીના દેરાસરે પોળ વતી મોટી પૂજા ભણાવવામાં આવી હતી. સંઘના આગ્રહથી બે દિવસ ત્યાં રહ્યા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શહેરયાત્રાનો નિર્ણય

બે દિવસ ત્યાં સ્થિરતા કર્યા પછી પુનઃ સંઘ સાથે ડેલાના ઉપાશ્રયે પધાર્યા, આચાર્યદેવે સંઘને પહેલાં કીધું હતું કે હું પહેલો આવ્યો છું. ફરીથી પાછો અવાય કે કેમ? માટે મારી ભાવના એવી છે કે અમદાવાદના બધા દેરાસરોના દર્શન કરી લઉં તો વધારે સારૂં, આ ઉપર શ્રી સંઘે પરસ્પર વિચાર વિનિમય કરીને આ નિર્ણય કર્યો કે ડહેલાના ઉપાશ્રય તરફથી શહેરયાત્રા કાઢવી. અને આચાર્યદેવની ઇચ્છા પૂરી કરવી. સાથોસાથ શહેરના બધા ઉપાશ્રયે બિરાજતા આચાર્યદેવો પન્યાસપ્રવરો મુનિવરો એવં સાધ્વીજી મહરાજાઓને શહેરયાત્રામાં પધારવા માટે ખાસ વિનંતી કરવી. આ ઠરાવ સર્વ સમ્મતિથી પસાર કરી પેપર છપાવવામાં આવ્યા, અને આગેવાન શેઠિયાઓ બધા ઉપાશ્રયે જઇ વિનંતી કરી આવ્યા, બનતા સુધી બધાએ આવવા માટે વિનંતીનો વીસ્કાર કર્યો.

## પહેલો દિવસ



શહેરયાત્રા પ્રારંભ કરવાનો દિવસ કાર્તિક વદ ૧૨ તા. ૨૨-૧૧-૫૪ સોમવારનો રાખવામાં આવ્યો, તે દિવસે પાંજરાપોળ ઉપાશ્રયે બિરાજતા આચાર્યદેવ શ્રીમદ્વિજય ઉદયસૂરિજી મ. પગથીયાના ઉપાશ્રયે બિરાજતા આચાર્યદેવ શ્રીમદ્વિજય મનોહરસૂરિજી મ., ડહેલાના ઉપાશ્રયે બિરાજતા આચાર્યદેવ શ્રીમદ્વિજય હિમાચલસૂરિજી મ., શાહપુર ઉપાશ્રયે બિરાજતા આચાર્યદેવ શ્રીમદ્વિજય ધર્મસૂરિજી મ., લુવારની પોળના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપાશ્રયે બિરાજતા પં. શ્રી મંગલવિજયજી મ., વીરના ઉપાશ્રયે બિરાજતા પં. શ્રી સંપતવિજયજી મ., લુણસાવાડા મોટી પોળના ઉપાશ્રયે બિરાજતા પં. શ્રી રમણીકવિજયજી મ. પં. ચંદનવિજયજી મ., આંબલી પોળના ઉપાશ્રયે બિરાજતા પં. સુર્યસાગરજી મ., પાંજરાપોળથી પં. સુમિત્રવિજયજી મ. પં. કમલવિજયજી. પં સોમવિજયજી મ., ખુશાલભુવનથી પં. રામવિજયજી મ., જૈન સોસાયટીથી મુ. શ્રી પુણ્યવિજયજી મ., મુનિશ્રી શાન્તિવિજયજી (દાદા) આદિ વિશાલ સાધુ સમુદાય.



યાત્રાના પ્રારંભના દિવસે પધારેલા પૂજ્યવરો.

તથા સાધ્વીજી શ્રી મનોહરશ્રીજી જિતેન્દ્રશ્રીજી આદિ વિશાલ સાધ્વી સમુદાય શ્રાવક તથા શ્રાવિકા સમુદાય સવારે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાડા આઠ વાગ્યે ડહેલાના ઉપાશ્રયે પધાર્યા હતા, આચાર્ય-દેવ શ્રી ઉદયસૂરિજી મહારાજે મંગલાચરણ કર્યા બાદ નવ વાગે બેન્ડવાજા સાથે અત્રેથી પ્રયાણ કર્યું. કંદોઇઓળ કુવારા થઇ રતનપોળમાં થઇ નગરશેઠના વંડે સર્વ પહેલા પધાર્યા. નગરશેઠ કસ્તુરભાઇના દેરાસરમાં ચૈત્યવંદન સ્તુતિ બધા સાથે કર્યા પછી સર્વ પૂજ્યવરોનો મોટો ફોટુ લેવામાં આવ્યો. ત્યાં મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. પાષાણની ત્રણ પ્રતિમા અને સર્વ ધાતુના ત્રેવીશ પ્રતિમાજી છે.

તેજ વંડામાં શેઠ ચીમનલાલભાઇ લાલભાઇના ઘર દેરાસરમાં મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાનના દર્શન કર્યા. ત્યાં કેવલ ધાતુના ત્રણ પ્રતિમાજી છે.

તે પછી શેઠ જેશીંગભાઇની વાડીમાં પધારી દર્શન વંદન કર્યા. ત્યાં મૂલનાયક શ્રી આદિશ્વર ભગવાન છે. પાષાણની દશ પ્રતિમા અને સર્વ ધાતુના પચીસ પ્રતિમાજી છે.

આચાર્યદેવ શ્રીઉદયસૂરિજી મ૦ અહીં દર્શન કરી પાંજ-રાપોળ ઉપાશ્રયે પધાર્યા. સંઘ અહીંથી શ્રી મગનભાઇ કરમચંદની વાડીમાં દર્શન કરવા ગયો. અહીં શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન મૂલનાયક તરીકે વિરાજમાન છે. પાષાણની એક પ્રતિમા અને તેર પ્રતિમા સર્વ ધાતુની છે.

અહીંથી બધો સમુદાય આગળ વધ્યો. શેઠ હઠી-ભાઇની બહારની વાડીમાં ગયો. આ મંદિર ઘણું વિશાળ છે. બાવન જિનાલયની ભમતીમાં તથા મેડા ઉપર, દર-વાજાના મેડા ઉપર દર્શન કરી બહુ શાન્તિથી બધા સાથે ચૈત્યવંદન કર્યું. અહીં મૂલનાયક ધર્મનાથ ભગવાન છે, પાષાણના પ્રતિમાજી ૨૭૪ અને ૧૧૭ સર્વ ધાતુના પ્રતિમાજી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે પછી શેઠ કસ્તુરચંદ સૌભાગ્યચંદભાઈના બંગલે પધાર્યા. સૌએ શાન્તિથી દર્શન કર્યા પછી શેઠ સાહેબના આગ્રહથી બંગલાના ચોકમા આચાર્ય શ્રીમદ્વિજય હિમાચલસુરિજીએ માંગલિક સંભળાવ્યું. સદરહુ બંગલે શેઠના તરફથી પતાસાની પ્રભાવના કરવામાં આવી હતી. અહીં મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાન છે.

આ દિવસે લગભગ સાતસોથી આઠસો માણસ હતા. ત્યાંથી બધા સાથે આચાર્યશ્રી ડહેલાના ઉપાશ્રયે પધારીને મંગલાચરણ કર્યા પછી બધા વિખરાઇ ગયા હતા. બેન્ડ વાજાના માણસોએ છેલ્લી સલામી આપી વિદાય લીધી. આ રીતે પહેલા દિવસની યાત્રા શાન્તિપૂર્વક થઈ હતી.

## બીજો દિવસ.

કાર્તિક વદ ૧૩ તા. ૨૩–૧૧–૧૯૫૪ મંગળવાર.

આજરોજ સવા આઠ વાગ્યાથી બધા માણસો ડહેલાના ઉપાશ્રયે આવવા માંડયા. બેન્ડ વાજા પણ સમયપર આવી પહોંચ્યાં સાડા આઠ વાગતાં આચાર્ય શ્રીમદ્વિજય હિમાચલસુરીશ્વરજી મહારાજે મંગલાચરણ સંભળાવ્યું. તે પછી બધા કંદોઇઓળ, કુવારા થઈ રતનપોળમાં આવેલ નગીનાપોળે દર્શન કરવા પધાર્યા. સંઘ સાથે ચૈત્યવંદન કર્યું. ત્યાં મૂલનાયક ભગવાન આદીશ્વર બિરાજે છે. પાષાણના ૧૧ અને ૬૯ પ્રતિમાજી સર્વ ધાતુના છે.

ત્યાંથી નીકળી શેઠની પોળમાં શેઠ નથમલ ખુશાલ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચંદભાઈના ઘર દેરાસરમાં દર્શન કર્યાં. અહીં મૂલનાયક ગોડીપાર્શ્વનાથ ભગવાન છે. કેવલ છ પ્રતિમાજી સર્વ ધાતુના છે.

પછી શેઠ દલપતભાઇ ભગુભાઇના વંડાના ઘર દેરાસરમાં મૂલનાયક તરીકે બિરાજેલ આદીશ્વર ભગવાનના દર્શન કર્યા પછી ફતેભાઇ શેઠની હવેલીમાં શેઠ છગનલાલ બાપાલાલના મકાનમાં પધાર્યા. ત્યાં મૂલનાયક ભગવાન શાન્તિનાથ છે. ત્યાં દર્શન વંદન કર્યાં હતાં. અહીં કેવલ પાંચ પ્રતિમાજી પાષાણના અને છ પ્રતિમાજી સર્વ ધાતુના છે.

ત્યાર પછી ગોલવાડમાં પધાર્યા. બધા સાથે છેલ્લો ચૈત્યવંદન કર્યો. અહીં મુનિસુવ્રતસ્વામી મૂલનાયક છે. ત્રણ પ્રતિમાજી સર્વ ધાતુના છે.

આજે ત્રણ પ્રભાવના પતાસાની થઇ હતી. બધા સમુદાય સાથે આચાર્યશ્રી ડહેલાના ઉપાશ્રયે આવી મંગલાચરણ સંભળાવ્યા પછી બેન્ડ વાજા સાથે બધા માણસો વિખરાઈ ગયા હતા.

## ત્રીજો દિવસ.

કાર્તિક વદ ૧૪ તા. ૨૪–૧૧–૧૯૫૪ બુધવાર.

આજે પણ રોજની માફક આચાર્યશ્રીએ મંગલાચરણ સંભળાવ્યા પછી બધો સમુદાય કંદોઇઓળ ફુવારા થઈ રતનપોળમાં થઈને મોરઈયા પાર્શ્વનાથની ખડકીએ ગયો હતો. અહીં બધા સાથે ચૈત્યવંદન કર્યાં હતાં. અહીં મૂલ નાયક મોરૈયા પાર્શ્વનાથ, જમણી બાજુ આદીશ્વર ભગવાન અને ડાબી બાજુ મહાવીર સ્વામી ભગવાન છે. પાષાણના ૧૪ અને ૨૨ સર્વ ધાતુના પ્રતિમાજી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે પછી સામે મૂલનાયક શ્રી ધર્મનાથ ભગવાનનાં દર્શન કર્યાં. અહીં પાષાણની ૯ અને સર્વ ધાતુની ૧૭ પ્રતિમાજી છે. દેરાસરના ગોખલામાં આચાર્ય આત્મારામજી મહારાજની તથા આચાર્ય બુદ્ધિસાગરસૂરિજીની મૂર્તિઓ છે.

ત્યાંથી નીકળી પાંજરાપોળમાં શાશ્વત ભગવાનની ખડકીમાં દર્શન કરવા ગયા. ત્યાં શાશ્વત શ્રી ઋષભ ચન્દ્રાનન વારિષેણ અને વર્ધમાન એ ચારે ભગવાનની સ્તુતિ કરી હતી. અહીં ૧૪ પ્રતિમાજી પાષાણના અને ૧૭ પ્રતિમાજી સર્વ ધાતુના છે.

અહીંથી શાન્તિનાથના દેરાસરમાં દર્શન માટે પધાર્યા. મૂલનાયક તરીકે બીરાજેલ શાન્તિનાથ ભગવાનના તથા ભોંયરામાં આદીશ્વર ભગવાનનાં દર્શન કર્યા પછી બાજુમાં મૂલનાયક તરીકે બિરાજેલ શીતલનાથ ભગવાનનાં શાન્તિપૂર્વક દર્શન કર્યાં હતાં. શાન્તિનાથના દેરાસરમાં પાષાણની ૯ અને સર્વ ધાતુની ૧૦ તથા શીતલનાથના દેરાસરમાં પાષાણની ૨૨ અને સર્વ ધાતુની ૧૦ પ્રતિમાજી છે.

ત્યાર પછી સામેના દેરાસરે દર્શન કર્યાં. ત્યાં મૂલનાયક શ્રી વાસુપૂજય સ્વામી છે, નીચે ભોંયરામાં પણ દર્શન કર્યાં ત્યાં પાષાણની ૧૨ અને સર્વ ધાતુની ૫૮ પ્રતિમાજી છે.

ત્યાંથી દાદાસાહેબની પોળમાં મૂલનાયક શ્રી શાન્તિનાથ ભગવાનના તથા બાજુના ગભારામાં રહેલ આદિશ્વર ભગવાનનાં દર્શન કર્યાં. અહીં શાન્તિનાથના દેરાસરમાં ૨૦ અને ૨૪ પ્રતિમાજી છે. આદીશ્વરમાં ૩૨ અને ૩ પ્રતિમાજી છે.

દેવસાના પાડામાં દર્શન કરવા માટે સંઘ ગયો. ત્યાં ચાર દેરાસર છે. દેરાસરમાં બે ભોંયરાં છે. પહેલાં ચિન્તામણિ પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી ધર્મનાથના દેરાસરમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દર્શન કરી ઉપર ગંભારાના દર્શન કર્યા. ચિન્તામણી પાર્શ્વનાથના દેરાસરમાં ૧૪ અને ૫૦ ધર્મનાથજીના દેરાસરમાં ૧૫ અને ૨૫ પ્રતિમાજી છે.

પછી શામલાપાર્શ્વનાથ ભગવાનના દેરાસરમાં પધાર્યા. અને દર્શન કરી ભોંયરામા પણ દર્શન કર્યાં, મૂલ નાયક શામલાપાર્શ્વનાથના દેરાસરમાં ૮ અને ૨૦ પ્રતિમાજી છે.

ત્યાર બાદ શાન્તિનાથ ભગવાનના દર્શન કર્યા. ભોંયરામાં ચિંતામણિ પાર્શ્વનાથના પણ ભાવપૂર્વક દર્શન કર્યા. અહીં ૨૭ અને ૬૬ પ્રતિમાજી છે.

બધી જગ્યાએ દર્શન કર્યા પછી બેન્ડવાજા સાથે પાછા ડહેલાના ઉપાશ્રયે આવી આચાર્યશ્રીએ મંગલાચરણ કર્યા પછી બધા પોતપોતાને સ્થાને ગયા.

## ચોથો દિવસ

કાર્તિક વદ ૦)) તા. ૨૫-૧૧-૫૪ ગુરુવાર.

આજ રોજ બધો સમુદાય એકઠો થયો. એટલે આચાર્યશ્રીએ માંગલિક સંભળાવ્યા પછી વાજતે ગાજતે શેખના પાડે દર્શન કરવા નિકળ્યો, અહીં ચાર દેરાસર છે. પહેલા શાન્તિનાથના દેરાસરે ચૈત્યવંદન કર્યા પછી અજિતનાથના દેરાસરે દર્શન વંદન કરી સુમતિનાથ ભગવાનના દર્શન કર્યા હતા, તે પછી વાસુપૂજ્ય સ્વામીના દેરાસરમાં જઈ ઉપર તથા નીચેના બધા ભગવાનોના દર્શન કર્યા, શાન્તિનાથના દેરાસરમાં ૨૩ અને ૧૦૮, અજીતનાથના દેરાસરમાં ૨૬ અને ૩૮, સુમતિનાથના દેરાસરમાં ૧૮ અને ૩૮ તથા વાસુપૂજ્ય સ્વામિના દેરાસરમાં ૧૬ અને ૩૩ પ્રતિમાજી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જૈનાચાર્ય શ્રીમદ્વિજયહિમાચલસૂરીશ્વરજીના શિષ્યો—



આ ચોપડીના લેખક—

મુમુક્ષુ ભવ્યાનંદવિજય

બાલમુનિ શ્રી ૐકારવિજય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી કડીયા ભગુભાઈ ગોકલદાસના ઘર દેરાસરમાં રહેલ મૂલનાયક શ્રી શાન્તિનાથ ભગવાનના ભાવથી દર્શન કર્યા.

ત્યાર બાદ નિશા પોળ રીલીફરોડ ઉપર શાન્તિનાથ ભગવાનના દર્શન કરી જગવલ્લભ પાર્શ્વનાથના દેરાસરમાં દર્શનાર્થે ગયા, ત્યાં સહસ્ત્રફણા પાર્શ્વનાથ અને ચિન્તામણિ પાર્શ્વનાથના સપ્રેમ દર્શન કર્યા પછી ભોંયરામાં જગવલ્લભ પાર્શ્વનાથની મોટી મૂર્તિના દર્શન કરી બાજુના ભોંયરામાં આવેલ આદીશ્વર ભગવાનના દર્શન કરી બારીમાંથી નિકળી વાસુપૂજ્ય ભગવાનના દર્શન સ્તુનિ કરી શાન્તિનાથના દેરાસરે ગયા; ત્યાં ભાવપૂર્વક દર્શન કર્યા પછી શેઠ બાપાલાલ ચુનીલાલના ઘર દેરાસરમાં આદીશ્વર ભગવાનના દર્શન શાન્તિથી કર્યા, ઘર દેરાસરમાં કેવલ ૮ પ્રતિમા ધાતુની છે. સહસ્ત્રફણા અને ચિન્તામણિ પાર્શ્વનાથના દેરાસરમાં ૩૮ અને ૫૮ જગવલ્લભ પાર્શ્વનાથ અને આદીશ્વરના ભોંયરામાં ૧૮ અને ૧૦ વાસુપૂજ્ય સ્વામીના દેરાસરમાં ૪ અને ૮ તથા શાન્તિનાથના દેરાસરમાં ૧૭ અને ૫૦ પ્રતિમાજી છે.

આજે બે પ્રભાવના પતાસાની થઈ હતી, તે પછી બધા રતનપોળમાં થઇ ડહેલાના ઉપાશ્રયે આવ્યા બાદ આચાર્યશ્રીએ મંગલાચરણ કર્યા બાદ બધો સમુદાય વિખરાઈ ગયો હતો.

## પાંચમો દિવસ.

માગશર સુદ ૧ તા. ૨૬ ૧૧ ૫૪ શુક્રવાર.

આજે પણ આચાર્યશ્રીએ માંગલિક સંભળાવ્યા બાદ બેન્ડ વાજા સાથે કાલુપુર દરવાજે થઇ પ્રેમદરવાજાની સડકે થઈ અસારવાના ઝાંપે થઇને હરિપુર પધાર્યા, અહીં મૂલનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીના દેરાસરમાં ચૈત્યવંદન કર્યા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી ભોંયરામાં દર્શન કર્યા. અહીં ૨૪ પ્રતિમાજી પાષાણના છે. અહીં પતાસાની પ્રભાવના થઈ હતી.

પછી શેઠ જમનાભાઈ ભગુભાઈના બંગલે મેડા ઉપર મૂલનાયક તરીકે બિરાજેલ શ્રી શાન્તિનાથ ભગવાનના દર્શન કર્યા હતા. અહીં કેવળ ધાતુના ત્રણ પ્રતિમાજી છે. અહીં પતાસાની પ્રભાવના કરવામાં આવી હતી.

ત્યાંથી સામે ગિરધરનગરના દેરાસરમાં મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાનની સ્તવના પ્રેમથી કરી હતી. અહીં પણ પતાસાની પ્રભાવના થઇ હતી.

ત્યાર બાદ શેઠ કસ્તુરભાઈ લાલભાઇના બંગલે દર્શન કરવા પધાર્યા ત્યાં મેડા ઉપર મૂલનાયક શ્રી શાન્તિનાથ-ભગવાનના દર્શન વંદન કર્યા હતા, અહીં ત્રણ પ્રતિમાજી ધાતુના છે, પતાસાની પ્રભાવના થઇ હતી.

અહીંથી સીધા હઠીભાઈની વાડી પાસે થઇ દિલ્લી દરવાજે તથા ધીકાંટા થઈ રતનપોળમાં થઈ ડહેલાના ઉપાશ્રયે પધારી આચાર્યશ્રીના મુખથી માંગલિક સાંભળી સૌ પોતપોતાને ઘેર ગયા હતા.

## છઠ્ઠો દિવસ.

માગશર શુદ ૨ તા.૨૭–૧૧–૫૪ શનિવાર

આચાર્યશ્રીના મુખથી રોજની માફક માંગલિક સાંભળ્યા પછી બેન્ડવાજાના સરોદા સાથે સંઘના પગ ઉપડયા. રતનપોળ પાંજરાપોળ. સ્વામીનારાયણની આગળ થઈ જુના મહાજનવાડે સંઘ ગયો, ત્યાં બધા સાથે ચૈત્યવંદન કર્યું. અહી મૂલનાયક સુમતિનાથ ભગવાન છે. પાષાણના ૭ અને ૧૫ ધાતુના પ્રતિમાજી છે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યાંથી નિકળી પંચભાઈની પોળમાં જઈ આદીશ્વર ભગવાનના પ્રેમથી દર્શન કરી શાન્તિનાથ ભગવાનના પણ ભાવથી દર્શન કર્યા, આદીશ્વરના દેરાસરમાં ૧૯અને૬૦, તથા શાન્તિનાથના દેરાસરમાં ૯અને૪૨ પ્રતિમાજી છે,

પછી નરોત્તમદાસ છોટાલાલના ઘર દેરાસરમાં મૂલનાયક તરીકે પધરાવેલ શ્રી શીતલનાથ ભગવાનના દર્શન કર્યા. અહીં કેવલ ધાતુના છ પ્રતિમાજી છે,

કીકાભટની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ સ્તવના કરી મેડા ઉપર પણ દર્શન કર્યા. અહીં ૧૫અને ૨૩ પ્રતિમાજી છે,

તે પછી લુણસાવાડે મોટીપોલના દેરાસરમાં મૂલનાયક શ્રી સંભવનાથ ભગવાન છે. ત્યાં બધાએ પ્રેમથી દર્શન કર્યા. અહીં ૭ અને ૩૫ પ્રતિમાજી છે.

આજે ચાર જગ્યાએ પતાસાની પ્રભાવના થઈ હતીં. સંઘ ત્યાંથી નિકળી દિલ્હી દરવાજા ગેટ ઘીકાંટા રતનપોળ થઈ ડહેલાના ઉપાશ્રયે આવી આચાર્યશ્રીએ માંગલિક સંભળાવ્યા પછી સહુ સહુના ઘેર ગયો હતો.

## સાતમો દિવસ.

માગશર શુદ૩ તા. ૨૮-૧૧-૫૪ રવિવાર

રોજના નિયમ પ્રમાણે આચાર્યશ્રીએ મંગલાચરણ સંભળાવ્યુ. તે પછી ગાજતે વાજતે સંઘે પ્રયાણ કર્યું. કંદોઈઓળ ત્રણ દરવાજા, લાલ દરવાજા થઇ પ્રથમ ખાનપુરશેઠ કસ્તુરચંદ મયાભાઈના બંગલે ઘર દેરાસરના દર્શન શાન્તિથી કર્યા. ત્યાં મૂલનાયક શાન્તિનાથ ભગવાન છે. કેવલ એક પ્રતિમાજી ધાતુના છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યાંથી નિકળી શેઠ માણેકલાલ મનસુખભાઈના બંગલામાં મૂલનાયક સંભવનાથ ભગવાનની આગળ ચૈત્યવંદન ભાવથી કર્યું અહીં કેવલ ધાતુના સાત પ્રતિમાજી છે.

તે પછી મંગલ પારેખના ખાંચાના એક દેરાસરમાં મૂલનાયક શ્રીપાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી બીજા દેરાસરમાં ગોડી પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી ત્રીજા દેરાસરમાં શ્રીશાન્તિનાથ ભગવાનના પણ દર્શન કર્યાં હતા. પાર્શ્વનાથના દેરાસરમાં ૩ અને ૭ પ્રતિમાજી છે. ગોડીપાર્શ્વનાથના દેરાસરમાં ૯ અને ૭ તથા શાંન્તિનાથના દેરાસરમાં ૩ અને ૨૦ પ્રતિમાજી છે.

ત્યાર બાદ ચુનારાના ખાંચે દર્શન માટે પધાર્યા. ત્યાં મૂલનાયક શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ ભગવાનની આગળ ચૈત્યવંદન કર્યું. અહીં ૬ અને ૧૪ પ્રતિમાજી છે.

પછી શેઠ રમણલાલ જેચંદભાઈના ઘર દેરાસરમાં પધરાવેલ શીતલનાથ ભગવાનના દર્શન કર્યા. અહીં કેવલ ધાતુની ૫ પ્રતિમા છે.

આગળ દરવાજાના ખાંચાના એક દેરાસરમાં મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનના દર્શન વંદન કરી બીજા દેરાસરમાં મૂલનાયક શ્રી કુંથુનાથ ભગવાનના પ્રેમથી દર્શન કર્યા. પહેલા દેરાસરમાં ૫ અને ૭ તથા બીજામાં ૩ અને ૮ પ્રતિમાજી છે.

ત્યાંથી નિકલી કુવાવાલી પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી સંભવનાથ ભગવાનની આગળ છેલો ચૈત્યવંદન બધા સાથે કર્યો. અહીં ૧૭ અને ૧૭ પ્રતિમાજી છે.

તે પછી દિલ્હી દરવાજે ઘીકાંટા, ઝવેરીવાડના નાકે થઈ રતનપોળ થઇ ડહેલાના ઉપાશ્રયે આવી આચાર્યશ્રીએ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માંગલિક સંભળાવ્યુ. પછી બધા સાથે જય બોલી વિખરાઇ ગયા હતા. આજે બે પ્રભાવના થઈ હતી.

## આઠમો દિવસ

માગશર સુદ ૪ તા. ૨૯–૧૧–૫૪ સોમવાર

આજે પણ આચાર્યશ્રીએ માંગલિક કર્યા બાદ બેન્ડવાજા સાથે કંદોઇઓળ રતનપોળમાં થઇ ઝવેરીવાડમાં આવેલ ચૌમુખજીના દેરાસરે દર્શન કરવા પધાર્યા હતા. મૂલનાયક શ્રી શાન્તિનાથ ભગવાનની આગળ ચૈત્યવંદન અને ચારે બાજુ પ્રતિમાજીના દર્શન વંદન કર્યા. એક બાજુ ભોંયરામાં પણ દર્શન ભાવથી કર્યા, અહી ૫૯અને૬૮ પ્રતિમાજી છે.

તે પછી બાજુમાં આવેલ દેરાસરમાં મૂલનાયક શ્રી અજીતનાથ ભગવાનના દર્શન કર્યા. અહીં ૨૧અને ૪૯ પ્રતિમાજી છે,

ઝવેરીવાડ વાઘણપોળના નાકે ઝવેરી મોહનલાલ હેમચંદના ઘર દેરાસરમાં પધરાવેલ આદીશ્વર ભગવાનના દર્શન કર્યા. અહી કેવલ ધાતુની ૧૨ પ્રતિમાજી છે.

ત્યાંથી વાઘણપોળના દેરાસરમાં મૂલનાયકશ્રી અજીતનાથ ભગવાનની પ્રેમથી સ્તવના કરી ભમતીનાં ભોંયરામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના પણ દર્શન કર્યા. પછી સુવિધિનાથ અને કેશરિયાનાથના ભોંયરામાં પણ સ્તવના કરી. અહીં ૧૩૭ અને ૧૯૯ પ્રતિમાજી છે. અહી પીતલની કાઉસગ દશામાં રહેલી દશમા સૈકાની સુન્દર પ્રતિમા છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અહીંથી આગળ આદીશ્વરના દેરાસરમાં જઈ સુવિધિનાથ ભગવાનના દર્શન કર્યા. ભોંયરામાં મોટી આદીશ્વર ભગવાનની ત્રણ પ્રતિમાઓના દર્શન કર્યાં. અહી ૪૦ અને ૩૮ પ્રતિમાજી છે.

ત્યાર બાદ સામે દેરાસરમાં વંદન કરવા ગયા. મૂલનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી. ત્યાંજ એક ગભારામાં શાન્તિનાથ ભગવાનના અને બીજા ગભારામાં સંભવનાથ ભગવાનના દર્શન કર્યા. ચિન્તામણિ પાર્શ્વનાથના દેરાસરમાં ૬૦ અને ૩૭ શાન્તિનાથના દેરાસરમાં ૧૩ અને ૩ તથા સંભવનાથના દેરાસરમાં ૧૩ અને ૫૭ પ્રતિમાજી છે.

તે પછી બાજુમાં આવેલ ચૌમુખજીના દેરાસરમાં પણ પ્રેમથી દર્શન કર્યા, મૂલનાયક શ્રી શાન્તિનાથ ભગવાન છે. અહી ૪ અને ૪ પ્રતિમાજી છે. અહી મુલચંદજી (મુક્તિવિજય) મહારાજની પાષાણની મૂર્તિ પણ છે.

ત્યાર બાદ ઉજમફઈની ધર્મશાળામાં ઉત્સવના હિસાબે પધરાવેલ ભગવાનના દર્શન કરી ત્યાં મુનિશ્રી ચન્દ્રોદયસાગરજીના આગ્રહથી માંગલિક આચાર્યશ્રીએ સંભળાવ્યું હતું, પછી સામે આવેલ મૂલનાયકશ્રી મહાવીર સ્વામીના દેરાસરમાં નીચે છેલ્લો ચૈત્યવંદન બધા સાથે કરી ઉપર દર્શન કર્યા. અહીં ૮૨ અને ૯૬ પ્રતિમાજી છે. આજે એક પ્રભાવના પતાસાની થઇ હતી. અહીં સ્ફટિકના એક સુંદર પ્રતિમાજી પણ છે.

આ પછી બધો સમુદાય રતનપોળ થઈ ડહેલાના ઉપાશ્રયે આવી આચાર્યશ્રીના મુખથી મંગલાચરણ સાંભળી પોતપોતાને સ્થાને ગયો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# નવમો દિવસ.

માગશર સુદ ૫ તા. ૩૦-૧૧-૫૪ મંગળવાર.

હમેશના નિયમ પ્રમાણે આચાર્યદેવે માંગલિક સંભળાવ્યું. તે પછી વાજતે ગાજતે રતનપોળ થઈ જવેરીવાડમાં આવેલ સોદાગરની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી શાન્તિનાથ ભગવાનની આગળ ચૈત્યવંદન કરી ચંન્દ્રપ્રભુ ભગવાનના દર્શન કર્યા હતા. અહીં ૨૯ અને ૪૯ પ્રતિમાજી છે.

ત્યાર બાદ સંભવનાથની ખડકીમાં આવેલ દેરાસરમાં પાંચ ગભારા ધર્મનાથ, મહાવીરસ્વામી. સુપાર્શ્વનાથ. અને શાન્તિનાથના કહેવાય છે, બધી જગ્યાએ દર્શન કરી ચૈત્યવંદન કર્યું, અહીં ધર્મનાથના ગભારામાં ૧૭ અને ૪૫ મહાવીરના ગભારામાં ૧૮ અને ૧૦૩. સુપાર્શ્વનાથના ગભારામાં ૨૩ અને ૫ તથા સંભવનાથના ગભારામાં ૧૦ અને ૨ પ્રતિમાજી છે.

ત્યાંથી નિકળી સામે ખરતરની ખડકીમાં જવેરી રમણલાલ મણિલાલના ઘર દેરાસરમાં મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનના દર્શન કર્યા અહીં કેવલ ૧ પ્રતિમાજી ધાતુના છે.

તે પછી જવેરી પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી મહાવીર સ્વામીના દર્શન વંદન કરી બાજુમાં શેઠ બાપાલાલ ધોલીદાસના દેરાસરમાં મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનના દર્શન કર્યા. મહાવીરસ્વામીના દેરાસરમાં ૧૫ અને૨૨ તથા ઘર દેરાસરમાં કેવલ ત્રણ પ્રતિમાજી ધાતુની છે.

લહેરીયાપોળના દેરાસરમાં મૂલનાયક શ્રી મહાવીરસ્વામીની આગળ પૂર્ણભાવથી ચૈત્યવંદન બધા સાથે કર્યું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી ભમતીમાં આવેલી પંચ કલ્યાણકની પાંચે મૂર્તિઓના દર્શન કર્યા અને પગલાના પણ દર્શન કર્યા હતા. અહીં ૧૯ અને ૬૩ પ્રતિમાજી છે.

આજે પ્રભાવના પતાસાની બે થઇ હતી. તે પછી રતનપોળમાં થઈ ડહેલાના ઉપાશ્રયે આવી આચાર્યશ્રીએ મંગલાચરણ કર્યા પછી જય બોલી સભા વિસર્જન થઈ હતી.

## દશમો દિવસ

માગશર સુદ ૬ તા. ૧-૧૨-૫૪ બુધવાર.

આજે પણ આચાર્યશ્રીના મુખથી મંગલાચરણ શ્રવણ કરી વાજતે ગાજતે પ્રયાણ કર્યું. કંદોઈઓળ, પાનકોળ નાકા, ઢાલગર ઓળ ખમાશાગેટ થઈ જમાલપુર પધાર્યા. ત્યાં ટોકરશાની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની આગળ સપ્રેમ ચૈત્યવંદન કર્યું. તે પછી ભોંયરામાં આદીશ્વર ભગવાનના દર્શન કરી મેડા ઉપર શ્રી નમિનાથ ભગવાનના દર્શન કર્યા. અહીં ૫૨ અને ૫૫ પ્રતિમાંજી છે.

તે પછી જમાલપુર દરવાજે થઈ વલ્લભપુલ થઇ અરૂણ સોસાયટીના દેરાસરમાં મૂલનાયક શ્રી વાસુપૂજ્ય ભગવાનના દર્શન કર્યા. આ દેરાસર નવીન થયો છે. હજી પણ કામ ચાલે છે. અહીંથી જૈન મર્ચન્ટ સોસાયટીના દેરાસરમાં મૂલનાયક શ્રી શાન્તિનાથ ભગવાનના દર્શન કરી છગનલાલ લક્ષ્મીચંદના ઘર દેરાસરમાં મૂલનાયક શ્રી શાન્તિનાથ ભગવાનના દર્શન કર્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યાંથી ગીતા સોસાયટીમાં આવેલ શેઠ બકુભાઈ મણિલાલના બંગલાના ઘર દેરાસરમાં મહાવીર સ્વામીના દર્શન કરી પોરવાડ સોસાયટીના દેરાસરમાં મૂલનાયક શ્રી શીતલનાથ ભગવાનના દર્શન કર્યા. પછી મહાવીર સોસાયટીમાં નેમચંદ પોપટલાલ વોરાના બંગલાના ઘર દેરાસરમાં સુવિધિનાથ ભગવાનના દર્શન કરી મહાવીર વિદ્યાલયના ઘર દેરાસરમાં મૂલનાયક શ્રી અજીતનાથ ભગવાનના દર્શન વંદન કરી શાન્તિકુંજમાં શેઠ રતિલાલ માણેકલાલ તેલીના બંગલામાં ઘર દેરાસરમાં અજીતનાથ ભગવાનના દર્શન કર્યા હતા. આજે પતાસાની ચાર પ્રભાવના થઈ હતી. તે પછી એલીસબ્રીજ પુલ થઈ પાનકોર નાકા થઈ ડહેલાના ઉપાશ્રયે આવી આચાર્યશ્રીએ માંગલિક સંભળાવ્યા પછી સંઘ વિખરાઈ ગયો હતો.

## આગયારમો દિવસ

માગશર સુદ ૭ તા ૨-૧૨-૫૪ ગુરૂવાર

સાડા આઠ વાગ્યે આચાર્યશ્રીએ માંગલિક સંભળાવ્યુ. વાજાના સરોદાની સાથે સંઘે પ્રયાણ કરી માણેકચોક માંડવીની પોળમાં જઇ નાગજી ભૂદરની પોળમાં શેઠ કચરાભાઇ અમરતલાલના ઘર દેરાસરમાં મૂલનાયક શ્રી પદ્મપ્રભુ ભગવાનના ભાવથી દર્શન કર્યા હતા. અહીં કેવલ ધાતુની બે પ્રતિમા છે.

તે પછી મંકોડીપોળમાં પરીખ લખુભાઇ ભાયચંદના ઘર દેરાસરમાં મૂલનાયક અજીતનાથ ભગવાનના દર્શન કર્યા. અહીં ત્રણ પ્રતિમા ધાતુની છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શેઠ હેમચંદ રવચંદના ઘર દેરાસરમાં ધર્મનાથ ભગવાનના દર્શન કર્યા. અહીં પણ ત્રણ પ્રતિમા ધાતુની છે.

પછી મુખ્ય દેરાસરમાં મૂલનાયક શ્રી શાન્તિનાથ ભગવાનની આગળ ચૈત્યવંદન કર્યું અને બાજુના ગભારામાં ધર્મનાથ ભગવાનના પણ દર્શન કરી ઉપર દર્શન કરી ભોંયરામા પણ ભગવાનના દર્શન કર્યા હતા. અહીં ૭૩ અને ૬૧૦ પ્રતિમાજી છે.

લાલભાઈની પોળના દેરાસરમાં મૂલનાયકશ્રી મહાવીર સ્વામીના ભાવથી દર્શન કર્યા અહીં ૯ અને ૧૫ પ્રતિમાજી છે.

ચકાપકાની ખડકીમાં શેઠ ભલાભાઇ સુરચંદના દેરાસરમાં મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાનની ભાવથી સ્તુતિ કરી હતી. અહીં કેવલ ધાતુની ૭ પ્રતિમાજી છે.

સુરદાસશેઠની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાનની આગળ ચૈત્યવંદન કર્યું અહીં ૩૪ અને ૧૨૪ પ્રતિમાજી છે.

સમ્મેતશિખરની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની આગળ ચૈત્યવંદન કર્યું હતું આ દેરાસર બહુ વિશાલ છે. અહીં લાકડાના સમ્મેતશિખરના દેખાવનો ભવ્ય ડુંગર છે. અહીં ૩૦ અને ૩૫ પ્રતિમાજી છે.

હરકીશનદાસ શેઠની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી શાન્તિનાથ ભગવાનના દશર્ન કર્યા અહીં ૧૦ અને ૪૨ પ્રતિમાજી છે.

કાકાબળીયાની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી સુવિધિનાથ ભગવાનની પ્રેમથી સ્તુતિસ્તવના કરી હતી અહીં ૨૫ અને ૫૮ પ્રતિમાજી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી શેઠ વિરેન્દ્રભાઈ સકરચંદના ઘર દેરાસરમાં પધરાવેલ શ્રી વિમલનાથ ભગવાનના દર્શન કર્યા અહીં ધાતુના ૮ પ્રતિમાજી છે.

તે પછી સમેતશિખરની સામે આવેલા નવા રસ્તે થઈ મદનગોપાલની હવેલી થઈ સાંકડીશેરી થઇ. ચાંલ્લાઓળમાં થઇને ડહેલાના ઉપાશ્રયે પધારી આચાર્યશ્રીએ માંગલિક સંભળાવ્યા પછી બધા વિખરાઈ ગયા હતા. આજે પતાસાની છ પ્રભાવના થઈ હતી.

## બારમો દિવસ

માગશર સુદ ૮ તા. ૩-૧૨-૫૪ શુક્રવાર

આજે પણ આચાર્યશ્રીના મુખથી માંગલિક શ્રવણ કર્યા પછી બેન્ડવાજા સાથે પ્રયાણ કર્યું કંદોઇઓળ પાનકોરનાકા, ત્રણ દરવાજા પ્રેમાભાઇહોલ એલીસબ્રીજના પુલપર થઈ વાડીલાલ સારાભાઇના હોસ્પીતાલ થઇને હરીલાલ વાડીલાલ કાપડિયનાા બંગલાના ઘર દેરાસરમાં મૂલનાયક શ્રી ધર્મનાથ ભગવાનના પ્રેમથી દર્શન કર્યા પછી સામે આવેલ ભોગીલાલ મગનલાલના બંગલામાં પધરાવેલ મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાનની આગળ સારા સંઘે ચૈત્યવંદન કર્યું હતું.

તે પછી જેસિંગભાઇ ડાહ્યાભાઇના બંગલામાં મૂલનાયક શ્રી શાંતિનાથ ભગવાનના દર્શન કરી જૈન સોસાયટીના દેરાસરમાં મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની આગલ છેલ્લો ચૈત્યવંદન કર્યું હતુ, ત્યાં ઉપાશ્રયમાં બિરાજેલ મુનિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી પુણ્યવિજયજીના કહેવાથી ત્યાં આચાર્યશ્રીએ મંગલાચરણ કર્યું, તે પછી ગયા તેજ રસ્તે થઇ ડહેલાના ઉપાશ્રયે આવી માંગલિક સાંભળી બધો સંઘ વિખરાઈ ગયો હતો, આજે પતાસાની બે પ્રભાવના થઇ હતી.

## તેરમો દિવસ.

માગશર સુદ ૯ તા, ૪–૧૨ ૧૯૫૪ શનિવાર

નિત્યના નિયમ પ્રમાણે સંઘ ભેગો થયો. એટલે આચાર્યશ્રીએ મંગલાચરણ કર્યું. તે પછી ગાજતે વાજતે ચાંલ્લાઓળમાં થઈને ઘાંચીની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી સંભવનાથ ભગવાનના દર્શન અને ભાવપૂર્વક ચૈત્યવંદન બધા સાથે કરી મેડા ઉપર પણ દર્શન કર્યા, અહીં ૪૨ અને ૧૧૫ પ્રતિમાજી છે.

ત્યાંજ શેઠ ચન્દુલાલ ચુનીલાલના મકાનમાં રહેલ પાર્શ્વનાથ ભગવાનના દર્શન કર્યા, અહીં ધાતુના એક પ્રતિમાજી છે, શેઠ મનસુખરામ પ્રેમચંદના મકાનમાંશ્રી આદીશ્વર ભગવાનની સ્તુતિ સ્તવના કરી હતી, અહીં પણ એક પ્રતિમા ધાતુના છે.

શેઠ ત્રિકમલાલ વાડીલાલના ઘર દેરાસરમાં પાર્શ્વનાથ ભગવાનના પ્રેમથી દર્શન કર્યા. અહીં પણ એક જ પ્રતિમા ધાતુની છે, વાડીલાલ પુંજાભાઇના મકાનમાં શ્રી ચન્દ્રપ્રભુ ભગવાનના પણ સપ્રેમ દર્શન કર્યા. અહીં ધાતુના ૪ પ્રતિમાજી છે. સેઠ મોહનલાલ હઠીસિંગના ઘર દેરાસરમાં આદીશ્વર ભગવાનના દર્શન કર્યા, અહીં ધાતુના ૫ પ્રતિમાજી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે પછી દહીની ખડકીના દેરાસરમાં મૂલનાયક શ્રી વિમલનાથ ભગવાનના સપ્રેમ દર્શન કરી શેઠ મગનલાલ મોતીચંદના ઘર દેરાસરમાં શ્રી આદીશ્વર ભગવાનના દર્શન કર્યા, વિમલનાથના દેરાસરમાં ૧૩ અને ૨૧ તથા ઘર દેરાસરમાં ૮ અને ૧૫ પ્રતિમાજી છે.

રુપાસુરચંદની પોળના દેરાસરમાં મુખ્ય શ્રી વાસુપૂજ્ય સ્વામીના દર્શન કરી ચૈત્યવંદન કર્યું. અહીં ૪૨ અને ૧૪૩ પ્રતિમાજી છે. શેઠ ચિમનલાલ લલ્લુભાઈના ઘર દેરાસરમાં શ્રી આદીશ્વર ભગવાનના દર્શન કર્યા, અહીં ધાતુના ૫ પ્રતિમાજી છે. શેઠ ચિમનલાલ પ્રેમચંદના દેરાસરમાં મુખ્ય શ્રી ચંદ્રપ્રભુ ભગવાનની સ્તુતિ સપ્રેમ કરી હતી. અહીં ધાતુના સાત પ્રતિમાજી છે. શેઠ કેશવલાલ ત્રિકમલાલના દેરાસરમાં વાસુપૂજ્ય સ્વામીના દર્શન કર્યા હતા, અહીં કેવલ ધાતુના ૮ પ્રતિમાજી છે.

લુવારની પોળમાં ઉપાશ્રયની બાજુના દેરાસરમાં મુખ્ય શ્રી અજીતનાથ ભગવાનના દર્શન કર્યા અહીં ૩અને ૨૧ પ્રતિમાજી છે.

ગુસ્સા પારેખની પોળના દેરાસરમાં મુખ્ય શ્રી ધર્મનાથ ભગવાનના દર્શન વંદન કરી શેઠ મણિલાલ ડાહ્યાભાઈના ઘર દેરાસરમાં પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરી શેઠ વાડીલાલ મગનલાલ હાપ્પાના ઘર દેરાસરમાં શાન્તિનાથ ભગવાનના દર્શન સપ્રેમ કર્યા હતા. ધર્મનાથના દેરાસરમાં ૬ અને ૧૫ પાર્શ્વનાથના દેરાસરમા કેવલ એક ધાતુની પ્રતિમાજી છે.

અહીં પોળસંઘવતી મંડપ બાંધ્યો હતો, લાઉડસ્પીકરથી સંઘના સ્વાગત વાક્યો બોલતા હતા, આચાર્યશ્રીના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુખથી માંગલિક સાંભળ્યું અને બધાએ વાસક્ષેપ કરાવ્યુ હતું.



આચાર્યશ્રી માંગલિક સંભળાવે છે.

તે પછી ધન પીપળીની ખડકીના દેરાસરમાં મૂલનાયક શ્રી વાસુપૂજય સ્વામીની આગળ છેલ્લો ચૈત્યવંદન બધા સાથે કર્યો હતો. અહીં ૬ અને ૧૨ પ્રતિમાજી છે. આજે પ્રભાવના પતાસાની ચાર થઈ હતી.

સાંકડીશેરી ચાંલ્લાઓળ થઈ ડહેલાના ઉપાશ્રયે આવી આચાર્યશ્રીએ માંગલિક સંભળાવ્યા પછી જય બોલી સંઘ વિખરાઈ ગયો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ચૌદમો દિવસ

માગશર સુદ ૧૦ તા. ૫–૧૨–૫૪ રવિવાર.

આજે પણ આચાર્યશ્રીએ માંગલિક કર્યા પછી બેન્ડવાજા સાથે કંદોઇઓળ રતનપોળ, ઘીકાંટા દિલ્હીગેટ, શાહપુરદરવાજે થઇ ગાંધીપુલ ઉપર થઈને શાન્તિનગર સોસાયટીના ઘર દેરાસરમાં મૂલનાયક શ્રી સુમતિનાથ ભગવાનના દર્શન ચૈત્યવંદન કરી સ્વસ્તિક સોસાયટીમાં ચંદુલાલ મોહનલાલના બંગલાના ઘર દેરાસરમાં ચન્દ્રપ્રભુ ભગવાનના દર્શન કરી ઘાંચીના બંગલાના ભોંયરામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના દર્શન કર્યા પછી શ્રીમાલી સોસાયટીમાં છોટાલાલ જમનાદાસના બંગલામાં પાર્શ્વનથ ભગવાનની આગળ છેલો ચૈત્યવંદન કરી એલીસબ્રીજ પુલપર થઈ ત્રણ દરવાજા ફુવારા થઇ ડહેલાના ઉપાશ્રયે આવી આચાર્યશ્રીએ મંગલાચરણ સંભળાવ્યું. તે પછી બધા પોત પોતાને ઘેર ઉપડી ગયા હતા. આજે બે પ્રભાવના પતાસાની થઈ હતી.

## પંદરમો દિવસ.

આજે માગશર સુદ ૧૧ને વાર્ષિક પર્વ મૌન એકાદશી હોવાથી યાત્રા બંધ રાખવામાં આવી હતી. ઘણા ભાઇ બહેનોએ પૌષધ કર્યા હતા. આચાર્યશ્રીએ વ્યાખ્યાન વાંચ્યું હતું. આજનો પ્રોગ્રામ અડધો ૯ના દિવસે અને અડધો ૧૨ ના દિવસે રાખવામાં આવેલ હતો. ન છુટકે ફેરાફાર કરવો પડયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સોળમો દિવસ.

માગશર સુદ ૧૨ તા. ૭-૧૨-૫૪ મંગળવાર.

સાડાઆઠના ટકોરે આચાર્યશ્રીએ મંગલાચરણ કર્યું, તે પછી વાજાની સાથે રવાના થઈ ચાંલ્લાઓળ થઇ મુહૂર્ત્ત પોળના દેરાસરમાં મૂળનાયક શ્રી શીતલનાથ ભગવાનની આગળ બધા સાથે ભાવથી ચૈત્યવંદન કર્યું. અહીં ૮ અને ૧૯ પ્રતિમાજી છે.

ખેતરપાળની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી સંભવનાથ ભગવાનના દર્શન કરી તેજ પોળમાં શેઠ જેઠાલાલ ફતેચંદના ઘર દેરાસરમાં મુખ્ય શ્રી શાન્તિનાથ ભગવાનના પણ પ્રેમથી દર્શન કર્યા હતા, સંભવનાથ દેરાસરમાં ૨૮ અને ૧૧૨ પ્રતિમાજી છે.

સાંકડીશેરી થઇ લાખાપટેલની પોળ આગળ થઇ રાયપુર સામે કામેશ્વરની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી સંભવનાથ ભગવાનના દર્શન ચૈત્યવંદન કરી બાજુમાં વાઘેશ્વરની પોળના દેરાસરમાં મુખ્ય શ્રી આદીશ્વર ભગવાનના ભાવથી દર્શન કર્યા હતા. સંભવનાથના દેરાસરમાં ૧૯ અને ૬૬ તથા આદીશ્વરના દેરાસરમાં ૧૭ અને ૯૧ પ્રતિમાજી છે.

શામળાની પોળમાં આવેલ એક દેરાસરમાં કાચ જડેલા છે. ત્યા મૂલનાયક શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનના દર્શન વંદન કરી મેડા ઉપર પણ દર્શન કર્યા, અહીં ૬૫ અને ૧૦૬ પ્રતિમાજી છે.

બીજા દેરાસરમાં મુખ્ય શ્રી શ્રેયાંસનાથજીના દર્શન કર્યા પછી ત્રીજા દેરાસરમાં મુખ્ય શ્રી મહાવીર સ્વામીના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૂર્ણ પ્રેમથી દર્શન કરી ઉપર પણ દર્શન કર્યા હતા, શ્રેયાંસ નાથના દેરાસરમાં ૨૨ અને ૨૮ તથા મહાવીરના દેરાસરમાં ૨૯ અને ૭૨ પ્રતિમાજી છે.

શેઠ ભોગીલાલ ચુનીલાલના ઘર દેરાસરમાં મૂલનાયક શ્રી વાસુપૂજ્ય સ્વામીના દર્શન કર્યા. અહીં ધાતુના પાંચ પ્રતિમાજી છે. ઢાલની પોળમાં શેઠ રતનચંદ ઝવેરચંદના ઘર દેરાસરમાં મુખ્ય શ્રી શાન્તિનાથ ભગવાનના દર્શન કર્યા, અહીં કેવલ ધાતુના એક પ્રતિમાજી છે. પોળના મુખ્ય દેરાસરમાં મૂલનાયક મુનિસુવ્રતસ્વામીનો આગળ છેલ્લો ચૈત્યવંદન બધા સાથે પ્રેમથી કર્યું હતું, અહીં ૧૮ અને ૨૯ પ્રતિમાજી છે.

તે પછી ત્યાંથી નીકળી શામળાની પોળમાં થઈ મદન-ગોપાળની હવેલી, સાંકડીશેરી, તથા ચાંલ્લાઓળ, થઇને ડહેલાના ઉપાશ્રયે પધાર્યા પછી આચાર્યશ્રીએ મંગળા-ચરણ સંભળાવ્યું અને બધા સાથે જય બોલી ઘર ભણી ઉપડી ગયા હતા. આજે પતાસાની પાંચ પ્રભાવના થઇ હતી.

## સત્તરમો દિવસ

માગશર સુદ ૧૪ તા. ૮–૧૨–૫૪ બુધવાર

રોજની માફક આચાર્યશ્રીએ માંગલિક સંભળાવ્યું. તે પછી ઢીંકવાગેટ તથા ગાંધીરોડ થઈને પાડાપોળના દેરાસરમાં જઈ મૂલનાયક શ્રી નમિનાથજીનાં આગળ ભાવથી ચૈત્યવંદન કરી ભોંયરામાં તથા ઉપર પણ દર્શન કર્યા. અહીં ૩૮ અને ૭૯ પ્રતિમાજી છે.

ચાર રસ્તે સડક પર આવેલ મેડા ઉપર મૂલનાયક શ્રી સંભવનાથ ભગવાનની પ્રેમથી સ્તુતિ સ્તવના કરી હતી. અહીં ૫ અને ૧૪ પ્રતિમાજી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખાડીયા ગોલવાડના દેરાસરમા મુખ્ય શ્રી મહાવીર સ્વામીના દર્શન કર્યા. અહીં ૩ અને ૧૨ પ્રતિમાજી છે. પછી ચાર રસ્તે થઇ લક્ષ્મીનારાયણની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી કુંથુનાથ ભગવાનના દર્શન પ્રેમથી કર્યાં, અહીં ૧૮ અને ૩૩ પ્રતિમાજી છે.

રાજામહેતાની પોળમાં શેઠ લાલભાઇ ચિમનલાલના ઘર દેરાસરમાં મૂલનાયક શ્રી શાન્તિનાથ ભગવાનના દર્શન કર્યાં. અહીં ૧ અને ૧૩ પ્રતિમાજી છે.

પછી તોડાની પોળના દેરાસરમાં છેલો ચૈત્યવંદન બધા સાથે કર્યો હતો. અહીં મુખ્ય ભગવાન શ્રી આદીશ્વર છે. અહીં ૧૪ અને ૬૬ પ્રતિમાજી છે.

આજે પ્રભાવના લાડવાની એક અને ચાર પતાસાની થઇ હતી. શેઠ નગીનદાસ શિવલાલ ભાઈએ સકલ સંઘને નાસ્તો કરાવ્યો હતો, તે પછી રાજામહેતાની પોળમાંથી નિકળી મામુનાયકની પોળ તથા હાજાપટેલની પોળ આગળ થઈને ડોસીવાડા પોળમાં કહેલાના ઉપાશ્રયે આવી આચાર્યશ્રીના મુખથી મંગલાચરણ સાંભળી સભા વિખરાઇ ગઈ હતી.

## અઢારમો દિવસ.

માગશર સુદ ૧૫ તા. ૯-૧૨-૫૪ ગુરૂવાર.

નિક નિયમ પ્રમાણે આચાર્યશ્રીના મુખથી માંગલિક શ્રવણ કર્યું. તે પછી વાજતે ગાજતે નિકળી ટંકશાળની પોળમાં આવેલ દેરાસરમાં મુખ્ય ભગવાન શ્રી ધર્મનાથની આગળ બધા સાથે ચૈત્યવંદન કર્યું, અહીં ૯ અને ૨૧ પ્રતિમા છે.

મનસુખભાઈની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નમિનાથ ભગવાનના દર્શન વંદન કરી તેજ પોળમાં શેઠ જમનાભાઈ ભગુભાઈના ઘર દેરાસરમાં મુખ્ય શ્રી સુમતિનાથ ભગવાનના પણ દર્શન કર્યા, અહીં દેરાસરમાં ૪૨ અને ૯૩, તથા ઘર દેરાસરમાં કેવલ ત્રણ પ્રતિમાજી ધાતુના છે, દેરાસરનો કામ હજી ચાલુ છે.

ઝાંપડાની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાનની સન્મુખ ખુબ પ્રેમથી સ્તુતિ કરી હતી. અહીં ૬ અને ૬૨૦ પ્રતિમાજી છે. કામ ચાલે છે.

કાલુશીની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની આગળ ચૈત્યવંદન કરી મેડા ઉપર દર્શન કરી ભોંયરામાં વિજયચિન્તામણિ પાર્શ્વનાથ ભગવાનના દર્શન કર્યા પછી ભોંયરામાંથી બીજા સામેના દેરાસરમાં મુખ્ય શ્રી સંભવનાથ ભગવાનના દર્શન કર્યાં હતાં. પાર્શ્વનાથ ભગવાનના દેરાસરમાં ૩૬ અને ૯૪. વિજય ચિન્તામણિ પાર્શ્વનાથના ભોંયરામાં ૧૧ અને ૨૮ તથા સંભવનાથના દેરાસરમાં ૫ અને ૫૯ પ્રતિમાજી છે.

બાજુના ખાંચામાં આવેલ મુખ્ય શ્રી અજિતનાથ ભગવાનના દર્શન પણ કર્યાં અહીં ૫ અને ૧૭ પ્રતિમાજી છે.

ધનાસુતારની પોળમાં આવેલ હાલ્લાં પોળના દેરાસરમાં મુખ્ય શ્રી કુંથુનાથ ભગવાનની સન્મુખ પૂર્ણ પ્રેમથી ચૈત્યવંદન કર્યું. અને બાજુના ગભારામાં પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી ભોંયરામાં પણ દર્શન કર્યાં, અહીં બધા ૫૨ અને ૧૧૫ પ્રતિમાજી છે.

ચોખાવટી પોળની સામે વાડીલાલ તારાચંદ મુન્સફના ઘર દેરાસરમાં મહાવીર સ્વામીના દર્શન કર્યા, અહીં ૨ અને ૧૨ પ્રતિમાજી છે. લાવરીની પોળમાં મેડા ઉપરના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દેરાસરમાં મુખ્ય શ્રી વાસુપૂજ્ય સ્વામીની પ્રેમથી સ્તુતિ કરી હતી. અહીં ૭ અને ૮ પ્રતિમાજી છે.

તે પછી અમ્બાજીના મંદિર આગલ થઈ, ખાંચામાં થઈને દેરાવાળી પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી શાન્તિનાથ ભગવાનના દર્શન વંદન કરી ભોંયરામાં શ્રી આદીશ્વર ભગવાનની સ્તુતિ ભાવથી કર્યા બાદ છેલ્લો ચૈત્યવંદન અહીં કર્યો હતો, અહીં ૩૮ અને ૭૯ પ્રતિમાજી છે.

આજે પાંચ પ્રભાવના પતાસાની થઈ હતી, પછી ઝાંપડાની પોળ હાજાપટેલની પોળ આગળ થઈ ડહેલાના ઉપાશ્રયે પધારી આચાર્યશ્રીએ માંગલિક સંભલાવ્યા પછી માણસો વિખરાઇ ગયા હતા.

## ઓગણીશમો દિવસ

માગશર વદ ૧ તા. ૧૦-૧૨-૫૪ શુક્રવાર.

આજે પણ આચાર્યશ્રીના મુખથી મંગલાચરણ સાંભલ્યા બાદ વાજાના સરોદા સાથે સંઘે પ્રયાણ કર્યું, હાજાપટેલ તથા ઝાંપડાની પોળ આગળ થઇ કાલુપુર દરવાજાની પાસે આવેલી ભંડેરી પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી સુમતિનાથ ભગવાનની આગલ સંઘે શાન્તિથી ચૈત્યવંદન કર્યું. અહીં ૧૩ અને ૩૫ પ્રતિમાજી છે. અહીં શેઠ સમરથમલ કેસરીમલજીએ શ્રીફલની પ્રભાવના પોળવતી આપી હતી, અત્રેથી નિકળી કાલુપુર દરવાજા બહાર સ્ટેશનની સામે આવેલા કંસારાના ડહેલાના મેડા ઉપર દેરાસરમાં મુખ્ય શ્રી અભિનંદન ભગવાનના દર્શન કર્યા, અહીં ૭ અને ૫ પ્રતિમાજી છે. અહીં પતાસાની પ્રભાવના થઇ હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે પછી પુલ ઉપર થઈને સરસપુર વાસણશેરીના દેરાસરમાં મુખ્ય શ્રી સુમતિનાથ ભગવાનની આગળ છેલ્લો ચૈત્યવંદન કર્યો હતો, અહીં ૫ અને ૧૪ પ્રતિમાજી છે. અહીં પણ પતાસાની પ્રભાવના થઇ હતી, પં. ચન્દ્રવિજયજીના કહેવાથી આચાર્યશ્રીએ ઉપાશ્રયમાં માંગલિક કર્યું હતું. પછી ગયા તેજ રસ્તે થઈને ડહેલાના ઉપાશ્રયે આવી મંગલાચરણ કર્યા પછી બધા છુટા પડયા હતા.

## વીશમો દિવસ

માગશર વદ ૨ તા. ૧૧-૧૨-૫૪ શનિવાર.

આચાર્યમહારાજે મંગળાચરણ કર્યા પછી તરત બેન્ડ વાજા સાથે સંઘે વિહાર કર્યું, કંદોઈઓળ ફુવારા રતનપોળ, ઘીકાંટા, દિલ્લી દરવાજા, હઠીભાઈની વાડી આગળ થઇ જમણા રસ્તે રેલ્વેના પાટા ઉલંઘન કરીને સીધી સડકેથી વચલા રસ્તે થઈ કેમ્પના સદર બજારમાં આવેલ દેરાસરમાં મૂલ નાયક શ્રી સુમતિનાથ ભગવાનની આગળ બધા સાથે ભાવથી ચૈત્યવંદન કર્યું. અહીં ડહેલાના ઉપાશ્રયના સંઘવતી યાત્રાળુ ભાઈ બહેનોને બે લાડવા તથા ચવાણું અને એકેક કેળુ ભાતુ આપવામાં આવ્યું હતું. આચાર્યશ્રીએ માંગલિક સંભાવ્યું હતું. તથા આહાર પાણી પણ અહીંજ કર્યો હતો.

અહીં યુવકમંડળ તથા બાલાઓની રમત ગમતનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો ઇનામ પણ વેંચવામાં આવેલ હતું.

બે વાગ્યા પછી ત્યાંથી નિકળી. ગયા તેજ રસ્તે થઈ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



કસુંબાવાડનું ઉત્સાહી યુવક મંડળ.

ડહેલાના ઉપાશ્રયે આવી આચાર્યશ્રીએ માંગલિક કર્યા પછી બધાએ વિદાય લીધી હતી.

## એકવીસમો દિવસ

માગશર વદ ૩ તા. ૧૨-૧૨-૫૪ રવિવાર.

આજે પણ આચાર્યશ્રીના મુખથી માંગલિક શ્રવણ કર્યા પછી ઢીંકવાગેટથી ઉપર ચઢી બાલા-હનુમાન, તથા ખાડિયામાં થઈને સારંગપુર તલિયાની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી સુમતિનાથ ભગવાનની સન્મુખ ચૈત્યવંદન કરી બીજા ગભારામાં શ્રી સહસ્રફણા પાર્શ્વનાથની સ્તુતિ કરી મેડા ઉપર તથા ભોંયરામાં પણ પૂર્ણ પ્રેમથી દર્શન કર્યા હતા. અહીં ૪૩ અને ૨૧૧ પ્રતિમાજી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



કસુંબાવાડની રમત કરતી બાળાઓ.

શેઠ લાલભાઈ મણિલાલના ઘર દેરાસરમાં શ્રી પદ્મપ્રભુ ભગવાનના દર્શન કર્યા. અહીં કેવલ ધાતુની ૮ પ્રતિમાજી છે. આગળના દેરાસરમાં પણ મૂલનાયક શ્રી પદ્મપ્રભુ ભગવાનની સ્તુતિ કરી હતી. અહીં ૯ અને ૨૧ પ્રતિમાજી છે.

તે પછી સારંગપુર દરવાજા બહાર નિકલી પુલ ઉપર થઇને રાજપુરના દેરાસરમાં ઉપર મૂલનાયક શ્રી સંભવનાથના દર્શન વંદન કરી ભોંયરામાં મુખ્ય શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની આગલ ચૈત્યવંદન કર્યું હતું, અહીં ૨૩ અને ૨૦ પ્રતિમાજી છે. આજે પતાસાની પ્રભાવના થઈ હતી.

તે પછી તેજ રસ્તે ડહેલાના ઉપાશ્રય આવી આચાર્યશ્રીના મુખથી માંગલિક સાંભળી બધા વિખરાઇ ગયા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# બાવીસમો દિવસ

માગશર વદ ૪ તા. ૧૩-૧૨-૫૪ સોમવાર

નિત્ય નિયમ પ્રમાણે સંઘ ભેગો થયો એટલે આચાર્યશ્રીએ મંગલાચરણ સંભળાવ્યું. તે પછી હાજાપટેલની પોળના નાકાના દેરાસરમાં મૂલનાયક શ્રી ચન્દ્રપ્રભુ ભગવાનની આગળ પ્રેમથી ચૈત્યવંદન કરી ભોંયરામાં પણ દર્શન કર્યાં. અહીં ૩૭ અને ૮૯ પ્રતિમાજી છે, ભોંયરામાં એક મહારાજની મૂર્તિ પણ છે.

આગલજતાં શ્રી શાન્તિનાથ ભગવાનના દેરાસરમાં પ્રેમથી દર્શન કરી નીચે ભોંયરામાં મોટી મૂર્તિ છે તેમના પણ દર્શન કર્યાં, શાન્તિનાથના દેરાસરમાં ૪૬ અને ૯૪ પ્રતિમાજી છે. ચિમનલાલ વાડીલાલના ઘર દેરાસરમાં શ્રી આદીશ્વર ભગવાનના દર્શન કરી પોળના ચોકમાં આચાર્યશ્રીએ માંગલિક સંભળાવ્યું. અહી ધાતુના પાંચ પ્રતિમાજી છે.

રામજી મંદિરની પોળના એક દેરાસરમાં મૂલનાયક શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ કરી બીજા દેરાસરમાં મુખ્ય શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના પણ પ્રેમથી સ્તવના કરી હતી. પહેલા દેરાસરમાં ૧૪ અને ૨૧ તથા બીજામાં ૧૩ અને ૪૯ પ્રતિમાજી છે.

શેઠ મયાભાઈ સાંકળચંદના ઘર દેરાસરમાં મુખ્ય શ્રી શાન્તિનાથ ભગવાનના દર્શન કર્યાં. અહીં એક સ્ફટિકની સુન્દર પ્રતિમા છે. અને ધાતુના ચાર પ્રતિમાજી છે.

બારાકુવાની પોળના દેરાસરમાં મૂલનાયક શ્રી સંભવનાથ ભગવાનની આગળ બહુ ભાવથી ચૈત્યવંદન કર્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અહી ૧૬ અને ૫૦ પ્રતિમાજી છે. પીપરડીની પોળના દેરાસરમાં મુખ્ય શ્રી સુમતિનાથ ભગવાનના દર્શન કરી ઉપર તથા ભોંયરામાં પણ પ્રેમથી દર્શન કર્યા, અહીં ૨૩ અને ૫૭ પ્રતિમાજી છે.

લાખ્બેસરની પોળમાં ત્રણ દેરાસર જોડે આવેલા છે, એકમાં મૂલનાયક શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ, બીજામાં સહસ્રફણા પાર્શ્વનાથ અને ત્રીજામાં શામળા પાર્શ્વનાથ ભગવાનના દર્શન કર્યાં. આ ત્રિપુટી બહુ ભવ્ય છે. પહેલામાં ૭ અને ૨૮, બીજામાં ૭ અને ૧૮ તથા ત્રીજામાં ૨૪ અને ૧૮ પ્રતિમાજી છે.

પાછીયાની પોળના મુખ્ય દેરાસરમાં ચાર ગભારા છે. તેમાં આદીશ્વર ભગવાન, અજિતનાથ ભગવાન, ધર્મનાથ ભગવાન અને વાસુપૂજ્ય સ્વામી છે. બધી જગ્યાએ ભાવથી દર્શન કરી છેલ્લો ચૈત્યવંદન કર્યો હતો. પહેલા ગભારામાં ૧૨ અને ૪૦, બીજામાં ૨૪ અને ૭૮, ત્રીજામાં ૯ અને ૧૨ તથા ચોથામાં ૭ અને ૬ પ્રતિમાજી છે.

શેઠ ડાહ્યાભાઈ કરમચંદના ઘર દેરાસરમાં મુખ્ય શ્રી શાન્તિનાથ ભગવાનના દર્શન કર્યા, અહીં ધાતુના ૮ પ્રતિમાજી છે. એક સ્ફટિકના સુન્દર પ્રતિમાજી છે.

શેઠ મંગળદાસ નગીનદાસના ઘર દેરાસરમાં શાન્તિનાથ ભગવાનની સ્તુતિ કરી હતી. અહીં ધાતુના એક પ્રતિમાજી છે, શેઠ પુરુષોત્તમદાસ રવચંદના ઘર દેરાસરમાં અજિતનાથ ભગવાનના દર્શન વંદન કર્યા. અહી પણ ધાતુના એક પ્રતિમાજી છે.

શેઠ ચન્દુલાલ અમથાલાલના ઘર દેરાસરમાં મહાવીર સ્વામીના પૂર્ણ પ્રેમથી દર્શન કર્યા, અહીં ૧ અને ૩ પ્રતિ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માજી છે. શેઠ મોતીલાલ લાલદાસના ઘર દેરાસરમાં વાસુપૂજ્ય સ્વામીના દર્શન કર્યા હતા. અહીં કેવલ ધાતુના ૧૧ પ્રતિમાજી છે.

તે પછી ડહેલાના ઉપાશ્રયે આવી આચાર્યશ્રીના મુખથી મંગલાચરણ સાંભળી સંઘ વિખરાઈ ગયો હતો. આજે પાંચ પ્રભાવના પતાસાની થઈ હતી.

## ત્રેવીસમો દિવસ.

માગશર વદ ૫ તા. ૧૪–૧૨–૧૯૫૪ મંગળવાર

આચાર્યશ્રીના મુખારવિંદથી માંગલિક સાંભળી શ્રીસંઘે વાજતે ગાજતે પ્રયાણ કરી કંદોઇ-ઓળ, પાનકોરનાકા, ત્રણ દરવાજા એલિસ-બ્રીજ પુલ ઓળંગીને રેલ્વેના પાટા ઉલ્લંઘન કરી ગુજરાત કોલેજ તથા આંબાવાડી આગળ થઈ શેઠ ચીમનલાલ નગીનદાસ બોર્ડિંગના દેરાસરમાં મૂલનાયક શ્રી સુમતિનાથ ભગવાનની સન્મુખ ચૈત્યવંદન કરી, ગુજરાત કોલેજ પાસે શેરદલાલ ચીમન-લાલ જેસીંગભાઇના બંગલામાં રહેલ શ્રી વાસુપૂજ્ય સ્વામીના દર્શન કરી, કલ્યાણ સોસાયટીમાં શેઠ કલ્યાણ-ભાઈ લાલભાઇના બંગલામાં પધરાવેલ શ્રી સંભવનાથ ભગવાનની સ્તુતિ સ્તવના કરી, બાજુના રસ્તેથી રેલ્વેના પાટા ઉલ્લંઘન કરી શ્રી જૈન શ્વેતામ્બર બોર્ડિંગમાં મૂલ નાયક શ્રી આદીશ્વર ભગવાનની સન્મુખ છેલો ચૈત્યવંદન બધા સાથે કર્યો હતો.

આજે પતાસાની એક પ્રભાવના થઇ હતી. પાછા ગયા તેજ રસ્તેથી ડહેલાના ઉપાશ્રયે આવી આચાર્યશ્રીએ માંગલિક સંભળા પછી બધા જય બોલી છુટા પડયા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ચોવીસમો દિવસ

માગશર વદ ૬ તા. ૧૫-૧૨-૫૪ બુધવાર

આજે પણ આચાર્યશ્રીના મુખથી મંગળાચરણ સંભળાવ્યા પછી બેન્ડ વાજાના સરોદા સાથે રવાના થયા. પુલ નીચે થઇને ભઠીની બારીમાં આવેલ શ્રી વીરવિજયજીના ઉપાશ્રયના દેરાસરમાં મૂલનાયક શ્રી અજિતનાથ ભગવાનની આગળ પ્રેમથી ચૈત્યવંદન કર્યું. અહીં ૩ અને ૯ પ્રતિમાજી છે. બાજુની છત્રીમાં પં. વીરવિજય મ૦ ની મૂર્તિ પણ છે.

ડોસીવાડા પોળની સામે શેઠ ધનાલાલ ઉમાભાઇની હવેલીમાં પધરાવેલ ધર્મનાથ ભગવાનની સ્તુતિ કરી. અહીં ધાતુના ૮ અને સ્ફટિકના એક પ્રતિમાજી છે.

પતાસાપોળની નવી પોળમાં શેઠ ડાહ્યાભાઈ મગનલાલના દેરાસરમાં મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાનના દર્શન કરી આચાર્યશ્રીએ પોળના ચોકમાં માંગલિક સંભળાવી વાસક્ષેપ બધાને કર્યો હતો. અહીં ધાતુના ૭ પ્રતિમાજી છે.

અદાસાની ખડકીમાં શેઠ ચંદુલાલ ભીખાભાઈના ઘર દેરાસરમાં શ્રી શીતલનાથ ભગવાનની સ્તુતિ કરી હતી. અહીં ધાતુના પાંચ પ્રતિમાજી છે.

બ્રહ્મપુરીમાં શેઠ ચંદુલાલ બેચરદાસના ઘર દેરાસરમાં આદીશ્વર ભગવાનના દર્શન કરી આચાર્યશ્રીએ ત્યાં માંગલિક સંભળાવી વાસક્ષેપ કર્યો હતો.

અહીં પણ ધાતુના ૫ પ્રતિમાજી છે. શેઠ કાન્તીલાલભાઇએ લાડવાની પ્રભાવના કરી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોળના મુખ્ય દેરાસરમાં મૂલનાયક શ્રી શ્રેયાંસનાથ ભગવાનના દર્શન કરી સામેના દેરાસરમાં શ્રી વાસુપૂજ્ય ભગવાનની આગળ પ્રેમથી ચૈત્યવંદન કર્યું. શ્રેયાંસનાથના દેરાસરમાં ૪૨ અને ૧૬૩ વાસુપૂજ્યના દેરાસરમાં ૧૯ અને ૭૧ પ્રતિમાજી છે.

હીરાભાઈની ખડકીમાં શેઠ રતિલાલ મોહનલાલના ઘર દેરાસરમાં ધર્મનાથ ભગવાનની સ્તુતિ કરી હતી. અહીં ધાતુના ૭ પ્રતિમાજી છે, શેઠ હરીભાઇ પ્રેમાભાઈના ઘર દેરાસરમાં મુખ્ય શ્રી આદીશ્વર ભગવાનના દર્શન કર્યા, અહીં ધાતુના ૧૬ પ્રતિમાજી છે.

ખાંચામાં આવેલ દેરાસરમાં મૂલનાયક શ્રી સુમતિનાથ ભગવાનના દર્શન કર્યા. અહીં ૨૩ અને ૧૧૦ પ્રતિમાજી છે. લાલાના ખાંચે શેઠ મણિલાલ હીરાચંદના ઘર દેરાસરમાં શ્રી વાસુપૂજ્ય ભગવાનની સ્તુતિ સ્તવના કરી હતી. અહીં ધાતુના પાંચ પ્રતિમાજી છે. બાજુમાં આવેલ શેઠ મણિલાલ ગોકળદાસના ઘર દેરાસરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના પૂર્ણ પ્રેમથી દર્શન કર્યાં, અહીં ધાતુના ૩ પ્રતિમાજી છે,

પતાસાની પોળમાંથી નિકળી શેઠ બાલાભાઇ મૂલચંદના ઘર દેરાસરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના દર્શન કર્યા. અહીં ધાતુના ૧૦ પ્રતિમાજી છે. તે પછી સડક ઉપર આવેલ મહાવીર સ્વામીના દેરાસરમાં બધા સાથે ચૈત્યવંદન કર્યું. અહીં ૯૩ અને ૦૧૫ પ્રતિમાજી છે.

આજે પતાસાની પાંચ પ્રભાવના થઈ હતી. મહાવીર સ્વામી દર્શન કરી ડહેલાના ઉપાશ્રયે આવી માંગલિક આચાર્યશ્રીના મુખથી સાંભળી બધા વિખરાઇ ગયા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પચીસમો દિવસ

માગશર વદ ૭ તા. ૧૬-૧૨-૫૪ ગુરૂવાર.

આચાર્યશ્રીએ માંગલિક સંભળાવ્યા પછી વાજતે ગાજતે પ્રયાણ કરી ઢીંકવા ગેટ ચઢી, ગાંધીરોડ ખાડીયા ચાર રસ્તા, ખાડીયા ગેટ થઈ રાયપુર દરવાજા બહાર નિકલી કાંકરિયા તલાવની આગળ સીધે રસ્તેથી મણિનગર ગયા, ત્યાં દેરાસરમાં મૂલનાયક શ્રી વાસુપૂજ્ય સ્વામીની આગળ ભાવથી ચૈત્યવંદન કર્યું, અહીં ૩ અને ૨ પ્રતિમાજી છે. દેરાસરનું કામ ચાલે છે.

પછી ગોઠવણ કરેલ પાટ પર બેસી આચાર્યશ્રીએ માંગલિક સંભળાવ્યા પછી દેરાસરનું અધુરૂં કામ જલ્દી પુરૂ કરવા માટે હાકલ કરી હતી. અને અમદાવાદની જૈન પ્રજાને સાથ આપવા માટે પણ ભલામણ કરી હતી. અહીં પતાસાની પ્રભાવના થઈ હતી.

ગયા તેજ રસ્તેથી ડહેલાના ઉપાશ્રયે આવી આચાર્યશ્રીના મુખથી મંગલાચરણ સાંભળી બધા છુટા પડયા હતા.

## છવ્વીસમો દિવસ

માગશર વદ ૮ તા. ૧૭-૧૨-૫૪ શુક્રવાર.

રોજની માફક આચાર્ય મહારાજે મંગલાચરણ કર્યું. પછી બેન્ડવાજા સાથે કંદોઈઓળ ફુવારા થઈ સડક ઉપર થઈ મહાવીર સ્વામીના ઢાળે ઉતરીને ડોશીવાડાની પોળમાં આવેલી ગોસાઇજીની પોળમાં શ્રી સીમંધર સ્વામીના દેરાસરમાં બધા સાથે ચૈત્યવંદન કરી ઉપર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દર્શન કર્યાં. અહીં ૪૯ અને ૧૪૦ પ્રતિમાજી છે. અહીં સુખસાગર પાર્શ્વનાથ ભગવાનના પરિકર સહિત અને કાઉસ્સગીયા સાથે પીત્તળના પ્રાચીન સુન્દર પ્રતિમાજી છે.

શેઠ રમણલાલ ડાહ્યાભાઇ ઝવેરીના ઘર દેરાસરમાં મુખ્ય શ્રી શાન્તિનાથ ભગવાનની સ્તુતિ કરી, અહીં ધાતુના ૮ અને ૬ સ્ફટિકના સુન્દર પ્રતિમાજી છે. ભાભા પાર્શ્વનાથના ખાંચાના દેરાસરમાં મૂલનાયક શ્રી ભાભા પાર્શ્વનાથના દર્શન કરી બાજુના ગભારામાં મુનિ સુવ્રત સ્વામીના પણ દર્શન કર્યા, અહીં ૨૮ અને ૧૦૨ પ્રતિમાજી છે.

ઇન્દ્રકોટની પોળમાં ઝવેરી બાલાભાઈ સવચંદના ઘર દેરાસરમાં મુખ્ય શ્રી ચન્દ્રપ્રભુ ભગવાનની સ્તુતિ કરી. અહીં ૩ અને ૬ પ્રતિમાજી છે. પોળની બહાર નિકળ્યા પછી શેઠ ચંદુલાલ તારાચંદ ઝવેરીને ઘેર બધો સંઘ ગયો, ત્યાં આચાર્યશ્રીએ માંગલિક સંભળાવ્યા બાદ વાસક્ષેપ કર્યો હતો.

તંબોળીવાડના નાકે કનૈયાલાલ ભોગીલાલના ઘર દેરાસરમાં મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનના દર્શન કર્યાં, અહીં ૧ અને ૧૦ પ્રતિમાજી છે. તેમાં એક પ્રતિમાજી સ્ફટિકના છે.

વિદ્યાશાળાના દેરાસરમાં મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનના દર્શન કર્યાં, અહીં ૩ અને ૮ પ્રતિમાજી છે. અષ્ટાપદજીના દેરાસરમાં મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાનની આગળ છેલ્લો ચૈત્યવંદન કરી પાછળ નંદીશ્વર દ્વીપના દર્શન કરી ભમતીના ગભરામાં રચેલ સમોસરણના દર્શન કરી દરવાજા ઉપર પગલા અને પ્રતિમાના પ્રેમશ્રી દર્શન કર્યાં, બાદ ગોખલામાં બિરાજેલી જગદ્ ગુરૂદેવ શ્રીમદ્વિજય હીરસુરીશ્વરજી મ, ની મૂર્તિને વંદન કરી સામે ડહેલાના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપાશ્રયે આવી માંગલિક આચાર્યશ્રીના મુખથી સાંભળી સભા વિસર્જન થઇ હતી. આજે પતાસાની એક પ્રભાવના થઈ હતી.

## સત્તાવીસમો (છેલ્લો) દિવસ

માગશર વદ ૯ તા. ૧૮-૧૨-૫૪ શનિવાર

આજે છેલ્લો દિવસ હોવાથી બધા ઉપાશ્રયે વિનંતી કરવામાં આવી. તેઓએ પણ વિનંતિને માન આપી સમય પર ડહેલાના ઉપાશ્રયે બધા પધાર્યા હતા. લગભગ નવ વાગે આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઉદયસુરિજીએ મંગળાચરણ કર્યા પછી વાજતે ગાજતે કંદોઈઓળ, ફુવારા સડક ઉપર થઈને ડોસીવાડાની પોળની અંદર કસુંબાવાડમાં પધાર્યા. પોળમાં પ્રવેશની પહેલાં બે એની જોડીથી સત્તવીસ અને અંદર બધી મળી ચોપન ગહુંલી પોળવતી કરવામાં આવી હતી.



બે બે જોડીથી ગહુંલી કરતી બાળાઓ.

પોળના મુખ્ય દેરાસરમાં મૂલનાયક શ્રી આદીશ્વર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભગવાનની સન્મુખ બધા પૂજ્યવરોએ સાથે ચૈત્યવંદન કરી મેડા ઉપર પણ દર્શન કર્યાં. અહીં ૪૮ અને ૧૬૦ પ્રતિમાજી છે. દેરાસરનું કામ ચાલે છે.



પૂજ્યવરો દેરાસરમાંથી બહાર નીકળે છે.

શેઠ ત્રિકમભાઈ ડાહ્યાભાઈના ઘર દેરાસરમાં પદ્મપ્રભુ ભગવાનના દર્શન કર્યા પછી ત્યાં માંગલિક સંભળાવી વાસક્ષેપ આચાર્યશ્રીએ કર્યો હતો. અહીં ધાતુના ત્રણ પ્રતિમાજી છે. અહીં લાકડાના દેરાસરની કોતરની જોવાલાયક છે.

શેઠ રતિલાલ પુંજાભાઈના ઘર દેરાસરમાં મુખ્ય શ્રી સંભવનાથ ભગવાનના પ્રેમથી દર્શન કર્યા અહીં ધાતુના છ પ્રતિમાજી છે. પછી શેઠ મોહનલાલ ડાહ્યાભાઈ તથા સારાભાઈ મગનલાલને ત્યાં પણ માંગલિક સંભળાવી વાસક્ષેપ કર્યો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# જાહેર વ્યાખ્યાન.

છેલ્લા દિવસના હિસાબે કસુંબાવાડના વિશાળ ચોકમાં બાંધેલ મંડપની નીચે જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. એટલી બધી માનવમેદની હતી કે વિશાળ ચોક પણ સાંકડો થઇ પડયો. પ્રમુખસ્થાનેથી આચાર્યદેવ શ્રીમદ્વિજય ઉદયસુરીશ્વરજીએ "માનવજીવનની સફલતા" એ વિષય ઉપર અડધો કલાક વ્યાખ્યાન આપતાં શહેરયાત્રાની વિશેષતા વર્ણવી હતી. આચાર્યદેવ શ્રીમદ્વિજય ધર્મસુરિજીએ શહેરયાત્રાની ખુબ ખુબ પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે સુયગડાંગસુત્રમાં બતાવેલ પાંચ કારણો પૈકી આ એક કારણ છે.

આચાર્ય શ્રીમદ્‌વિજય હિમાચલસુરિજીએ સર્વ પ્રથમ પધારેલ પૂજ્યવરોનો આભાર વ્યક્ત કરેલ અને જણાવ્યું હતું કે આવા પ્રસંગે બધા પૂજ્યવરો એક જગ્યાએ બેસી વ્યાખ્યાન કરે તો જરૂર જનતા પર ઘણી અસર પડયા વગર ન રહે. માટે આવા ઉત્સવો વયોવૃદ્ધ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઉદયસુરિજી મ૦ની અધ્યક્ષતામાં ઉજવાતા રહે અને બધા પૂજ્યવરો વિચારોની આપલે કરે તેવી હું હાર્દિક આશા રાખું છું.

આચાર્યશ્રીની આજ્ઞા થતાં બાલમુનિ શ્રી ૐકાર વિજયજીએ એક સુંદર ભજન સંભળાવ્યો હતો. તે પછી ડહેલાના ઉપાશ્રયના આગેવાન કાર્યકર્તા શેઠ નશીનદાસ શિવલાલભાઇએ શહેરયાત્રા કાઢવાનો વિસ્તૃત કારણ બતાવ્યા પછી આમાં ભાગ લેનાર બધાનો આભાર માનેલ હતો. કસુંબાવાડના શેઠ ત્રિકમભાઇની તબિયત ઠીક ન હોવાથી શેઠ મોહનલાલ ડાહ્યાભાઇએ પોળ વતી સકળ સંઘનો આભાર માન્યો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



જાહેર સભામાં બેઠેલા માણસો.

ઉપસંહાર કરતાં આચાર્ય શ્રીમદ્વિજય હિમાચલસુરિજી-એ જણાવ્યું હતું કે શહેરયાત્રા કાઢનાર સંઘને ધન્યવાદ ઘટે છે અને તેમાં કસુંબાવાડના નવયુવકોએ જે સહકાર આપ્યો છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. ત્યારબાદ આચાર્ય-દેવ શ્રીમદ્વિજય ઉદયસુરિજીએ સર્વમંગલ કર્યા બાદ લાડ-વાની પ્રભાવના સાથે સભા વિસર્જન થઇ હતી.

આ પ્રસંગે શ્રી ગૌતમવીર સંવાદ નામની લઘુ પુસ્તિકા સકળ સંઘને ભેટ આપવામાં આવી હતી. અને શહેરયાત્રા કરનાર પૂજ્યવરોને શ્રી શ્રીપાલ કથા શેઠ કાન્તિલાલ રતનચંદભાઇના તરફથી ભેટ આપવામાં આવી હતી. બોલો ! સકલસંઘની જય ! ! !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ડહેલાનો ઉપાશ્રય



## —ઉપસંહાર—

ધર્મકરણી કરતા દહાડા કેવા આનંદમંગલથી પૂરા થાય છે. તે ખબર પણ પડતી નથી. વાત વાતમાં શહેરયાત્રા સનન્દ સમ્પન્ન થઈ ગઈ, "વાજા વાગે તેમ પગ ઉપડે" એ કહેવતને અનુસરીને ડહેલા'ના શેઠિયાઓએ શહેરયાત્રા સમ્પૂર્ણ થાય ત્યાં સુધી કાયમના માટે બેન્ડવાજાં સાથે રાખવાથી સંઘને જરા પણ થાક ન લાગ્યો, અને દિન દિન ઉત્સાહ વધતો ગયો, સુન્દર મુહુર્ત્તના પ્રભાવે શહેરયાત્રા ઘણી શાન્તિથી પૂરી થઈ. અને કોઇ પણ જાતની વચમાં ઉપાધિ ન આવી, તે શહેરયાત્રાની વિશેષતા કહી શકાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જે જે પોળમાં શ્રીસંઘ યાત્રા માટે ગયો હતો તે તે પોળના સંઘે ગહુંલી પ્રભાવના વગેરેથી સુન્દર સ્વાગત કર્યો હતો. તે ખરેખર અનુમોદનીય છે; આવા ધર્મ કાર્યમાં સૌ સંઘ સદાને માટે ભાગ લેતા રહે તેવી ભાવના સાથે વિરમવા રજા લઉં છું. ઇતિશમ્ !!!

શ્રી હિમાચલાન્તેવાસિ—

મુમુક્ષુ ભવ્યાનંદવિજય:

સમાપ્ત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ✳ શહેરયાત્રાનું

(તર્જ-આવોજી આવો

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા • ભાવનગર •

આવોજી આવો સહુ સંઘ હો યાત્રાવાલે ટેક.

આવોજી આવો સંઘ હિલમિલ કરકે
સ્વાગત વારંવાર હો યાત્રાવાલે. ૧

ઉદય મનોહરસૂરિ, ધર્મ હિમાચલસૂરિ,
સંઘ સકલ જયકાર હો યાત્રાવાલે. ૨

પૂજ્ય સૂરીશ્વરસોહે પન્યાસ મુનિ મન મોહે,
શહેરયાત્રા સુખકાર હો યાત્રાવાલે. ૩

સંઘ કહેલાકો ભારી, યાત્રા કરાવે સારી,
દિન સત્તાવીસ સાર હો યાત્રાવાલે, ૪

પ્રભુજીકી પૂજા કરકે, આંગી ફુલોંકી રચકે,
દર્શન કરે નરનાર હો યાત્રાવાલે. ૫

યાત્રા જહાં સંઘ જાવે સ્વાગતકી ધૂમ મચાવે.
બૈન્ડ વાજા મનોહાર હો યાત્રાવાલે. ૬

સંઘ સભામેં આવે, ઘર ઘર આનંદ છાવે,
"ભવ્યાનંદ" દિલધાર હો યાત્રાવાલે. ૭

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com